


# પરમાનંદ પ્રાર્થનાવિધિ

(સર્વગ્રાહી – સર્વદર્શી સત્‌સાધન જ્ઞાનામૃત)

HOLISTIC SCIENCE RESEARCH CENTER

**Vitrag Vignan Charitable Research Foundation**

(Trust Reg.No. E/6760/Surat, 3 March 2009)

Near Mahavideh Teerth Dham, N. H. 8, Nansad Road, Kamrej Char Rasta,
Ta. Kamrej ,Dist. Surat - 394 185. Tel. : +91 2621-250750
e-mail : hsrcsurat@gmail.com | www.holisticscience.org, www.vvcrf.org

Pan No. AABTV1268N, 80(G) No: AABTV1268N/625/15-16/T-718/80G(5)/Dated 15-02-2016
Govt. of india NITI DARPAN NGO Registration No.GJ/2017/0155433



'દાદા ભગવાન' તરીકે લોકહૃદયસ્થ મહાપુરૂષ શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલ(૧૯૦૮-૧૯૮૮) ગુજરાત રાજ્યમાં આણંદ પાસે ભાદરણ ગામના વતની હતા અને વડોદરા અને મુંબઈને કર્મભૂમિ બનાવીને કોંટ્રાક્ટર તરીકેનો વ્યવસાય કરતા હતા. બાળપણથી જ તેમને રોજબરોજના જીવનમાં જગતમાં પ્રવર્તી રહેલી જૂની માન્યતાઓ તેમજ આંતરિક માનવજીવનમાં ઝીણવટભરી તપાસ કરીને ખુલાસા મેળવવા માટે સર્વાંગી પદ્ધતિથી અન્વેષણ કરવાની રૂચિ હતી.

તેમને સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-ત્રણ પર સને ૧૯૫૮માં જ્ઞાનપ્રકાશ ખૂબ જ સહજરૂપે પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ તેઓ માનવજીવન પ્રત્યે સાચી સમજ મેળવવા ઉત્સુક એવા જિજ્ઞાસુઓમાં ધીમે-ધીમે લોકવિખ્યાત થયા. વ્યાખ્યાનો આપવા કે સત્સંગો કરવા કરતાં તેમણે સત્યાન્વેષી જિજ્ઞાસુઓને વધારે ને વધારે પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કર્યા અને તેમને જિજ્ઞાસુઓ તરફથી સારો એવો પ્રતિસાદ પણ મળ્યો.

દાદા ભગવાન ખૂબ જ ખુલ્લા મનના માનવ હતા. તેમને જુદા-જુદા વિચારકો, દાર્શનિકો, વૈજ્ઞાનિકો અને જીવનના દરેક ક્ષેત્ર અને ધર્મના લોકો સાથે સંવાદ રચાતો હતો અને તેમના પ્રશ્નો સાથે જોડાયેલી વિવિધ માન્યતાઓ અને પ્રથાઓને માન આપીને દાદાશ્રી સુસંગત, તાર્કિક તથા વૈજ્ઞાનિક ખુલાસાઓ આપતા. પ્રતિકૂળતાઓ, સંઘર્ષો અને તાણના આ જમાનામાં કે જયારે આંતરિક વિકાસ માટે અનિવાર્ય એવી મનની સંવાદિતા અને કાર્ય છિન્નભિન્ન થઈ રહ્યાં છે ત્યારે જે જ્ઞાન તેમનામાં પ્રગટ થયું તે સિદ્ધાંતોની સાચી વૈજ્ઞાનિક સમજણ લાગુ પાડીને મનુષ્યમાત્ર સર્વાંગ-સુખી જીવન શૈલીનો આનંદ મેળવી શકે છે. તેઓ આપણને દરેક પરિસ્થિતિઓ અને સંજોગોમાં મનના સમાધાન સહિતની સમતુલા જાળવવાનું શીખવે છે, જે આપણા જીવનને સુગમ બનાવે છે.

H.S.R.C. સમસ્ત માનવજાતને સર્વાંગી સુખી જીવન માટેના સંસ્કારોનું આ વિજ્ઞાન પહોંચાડવાની મહેચ્છા ધરાવે છે.

## સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન (હોલિસ્ટિક સાયન્સ) શું છે?

જ્યારે આપણે જીવનને વ્યાપક રીતે સમજીએ ત્યારે જ જીવનના ચરમ-પરમ લક્ષ્યને સમજી શકીએ છીએ. આ દુન્યવીજીવનને તેનાં માત્ર બાહ્ય પાસાંઓથી પૂરું સમજી નહિ શકાય પણ સાથે સાથે તેના આંતરિક પાસાંઓ દ્વારા પણ સમજવું જોઈએ. હોલિસ્ટિક સાયન્સનો ઉદ્દેશ્ય એ છે કે સમસ્ત શિષ્ટસાહિત્ય, વિજ્ઞાન, ટૅક્નોલૉજી, તત્ત્વજ્ઞાન, ધર્મ અને અધ્યાત્મમાંથી પ્રાપ્ત જ્ઞાનને સંચિત કરીને માનવજીવનના યુગો જૂના તેમજ વર્તમાન પ્રશ્નોનું સમાધાન ખોળીએ જેથી આપણે એકબીજાની સાથે સુમેળભર્યું જીવન જીવી શકીએ, એકબીજાને સમજી શકીએ, અપનાવી શકીએ, પ્રેમ આપી શકીએ અને કુદરતના અણમોલ ખજાનાનું જતન કરી શકીએ. વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિક વિકાસ, આપણા નૈતિકમૂલ્યો તેમજ અધ્યાત્મને પરસ્પર એકરૂપ કરીએ તો જ માનવ જીવનની સાર્થકતાનો અનુભવ થાય. સ્વાસ્થ્ય, સંપત્તિ, ઉત્કર્ષ અને શાંતિ પ્રાપ્ત કરવા માટે હોલિસ્ટિક સાયન્સ સહુને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડે છે. આનાથી સમગ્ર માનવજાતિ સમૃદ્ધિ તરફ આગળ વધતા વૈશ્વિક પરિવારરૂપ બનવાની દિશામાં આગળ વધશે.

# ધર્મ

એટલે કોઈ પણ જીવને
કોઈ પણ પ્રકારે સુખ આપવું તે.
અને કોઈ પણ જીવને
કોઈ પણ પ્રકારે દુઃખ આપવું તે અધર્મ.

બસ, આટલો જ ધર્મનો અર્થ
સમજવાની જરૂર છે.

– દાદા ભગવાન

# પરમાનંદ પ્રાર્થનાવિધિ
## (સર્વગ્રાહી - સર્વદર્શી સત્‌સાધન જ્ઞાનામૃત)

HOLISTIC SCIENCE RESEARCH CENTER
**Vitrag Vignan Charitable Research Foundation**
(Trust Reg.No. E/6760/Surat, 3 March 2009)
Near Mahavideh Teerth Dham, N. H. 8, Nansad Road, Kamrej Char Rasta,
Ta. Kamrej ,Dist. Surat - 394 185. Tel. : +91 2621-250750
e-mail : hsrcsurat@gmail.com | www.holisticscience.org, www.vvcrf.org
Pan No. AABTV1268N, 80(G) No: AABTV1268N/625/15-16/T-718/80G(5)/Dated 15-02-2016
Govt. of india NITI DARPAN NGO Registration No.GJ/2017/0155433

# પરમાનંદ પ્રાર્થનાવિધિ

(સર્વગ્રાહી - સર્વદર્શી સત્‌સાધન જ્ઞાનામૃત)

: સંપાદન - સંશોધન - સંકલન - લેખન :

**ડૉ. જે. પી. અમીન**

M. A. (Ind. Cult.), LL.B., Ph.D.,
M. A. (Eco. Soc.) : L.S.G.D.
Ex. Principal & Chairman of Dept. of Indian Culture,
Shri R. P. Arts & K. B. Commerce College, Khambhãt.

**-: Academic Advisor :-**

Holistic Science Research Center, VVCRF, Surat.

***Editor:***
Lalabhai D. Patel

***Editing Associates***
Alpa Bharuchwala * Sohini Shah

***Word Processing & Design***
Pradeep K. Patel

**ISBN: 978-81-939140-0-7**

Price: Rs. 50.00

***Published by:***
Vasant U. Patel
Founder Trustee,
Vitrag Vignan Charitable Research Foundation
HOLISTIC SCIENCE RESEARCH CENTER
Near Mahavideh Teerth Dham,
Kamrej Xing, N. H. 8, Surat 394185 India
TEL: +91-2621-250750
E-mail: hsrcsurat@gmail.com
www.holisticscience.org

***Printed by:***
Shree Sai Art & Printers, Kamrej, Surat

## : આમુખ :

### (પરમ સુખના પંથે)

વિશ્વમાં પ્રત્યેક વ્યક્તિ કોઈ ને કોઈ સ્વરૂપે પ્રાર્થના કરે જ છે. 'પ્રાર્થના' એ દરેક ધર્મનું અભિન્ન અંગ છે. પ્રાર્થનાવિધિની પરંપરાના સંસ્કાર દરેક કુટુંબમાં પેઢી દર પેઢી જળવાઈ રહે, તેવું દરેક શિક્ષક, મા-બાપ અને વડીલો ઈચ્છે છે.

જો કે સમય જતાં, પ્રાર્થનાવિધિ એ ક્રિયાકાંડનો એક ભાગ બની જતો હોય છે. ઘણીવાર એવું પણ બને છે કે, પ્રાર્થનાના શબ્દો પાછળનો 'મર્મ', સમજવા પર લક્ષ આપવાનું ચૂકી જવાય છે અને ભાવની ઉત્કટતા મંદ પડતી જતાં યથોચિત પરિણામ મળતું ન જણાતાં, પ્રાર્થના કરવાનો ઉત્સાહ પણ નબળો પડતો જાય છે.

ખાસ કરીને વર્તમાન સમયમાં વૈજ્ઞાનિક વિચારસરણી સાથેની શિક્ષણ પ્રણાલીના ફળસ્વરૂપે, દરેક વિધિવિધાન, ક્રિયાકાંડ અને પ્રાર્થનાવિધિના સત્યાર્થ, હેતુ, પરિણામ વગેરે અંગેની 'જિજ્ઞાસા' વધુ ને વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ અંગે વૈજ્ઞાનિક, તર્કબદ્ધ અને સંતોષજનક ખુલાસા ન મળતાં, પ્રાર્થનાવિધિને પોતાની દિનચર્યામાં સ્થાન આપવા અંગે ઉદાસીનતા સેવવામાં આવતી હોય છે.

આ સંજોગોમાં, અક્રમ વિજ્ઞાની દાદા ભગવાને નિર્દેશેલ સર્વોપયોગી સત્-સાધન પ્રાર્થનાવિધિ, તેની વિગતવાર વૈજ્ઞાનિક યથાર્થ સમજ સાથે રજૂ કરતાં, અમો અત્યંત આનંદ અનુભવીએ છીએ. આ સર્વજનહિતકારી, 'પરમાનંદ પ્રાર્થનાવિધિ' સંપૂજ્ય દાદા ભગવાને, સ્વયં પોતાના જીવનમાં પ્રયોજીને, અધ્યાત્મનાં સર્વોચ્ચ શિખર સિદ્ધ કર્યાં છે

અને એને ગુપ્ત ન રાખતાં, તેનો મર્માર્થ સર્વજનસુલભ બનાવેલ છે, જેથી દરેક વ્યક્તિ સમજણપૂર્વક એને પોતાની દિનચર્યામાં ગોઠવે, તો જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, મનોબળ અને આધ્યાત્મિક આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરી શકે તેમ છે. **પ્રાર્થનાવિધિ કરતી વખતે આંખો બંધ કરી પ્રાર્થનાનો અક્ષરે-અક્ષર પોતાના ચિત્તમાં વંચાતો જાય એવી રીતે બોલવાથી ચિત્તની સુંદર એકાગ્રતા થઈ ચિત્ત શુદ્ધ થતું જાય છે અને પોતાના જીવનમાં અદ્‌ભુત પરિણામ મળે છે.**

આ પુસ્તિકાના સંકલન અંગે જ્ઞાનીપુરુષ પ. પૂ. કનુદાદાજીના આશીર્વાદ પ્રાપ્ત થયેલ છે. જે મુજબ સંપૂજ્ય દાદા ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત થયેલ વિદ્વાન ડૉ. શ્રી જે. પી. અમીન સાહેબે, આ અતિ ઉપયોગી **'પરમાનંદ પ્રાર્થનાવિધિ (સર્વગ્રાહી - સર્વદર્શી સત્‌સાધન જ્ઞાનામૃત)'**નું સંકલન-સંપાદન-સંશોધન-લેખન કર્યું છે, જે બદલ વીતરાગ વિજ્ઞાન ચૅરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશન વતી તેઓશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ પુસ્તિકાના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપવા બદલ શ્રીમતી ચંપાબેન ઈશ્વરભાઈ પટેલ પરિવારનો આભાર માનું છું.

**શ્રી વસંતભાઈ યુ. પટેલ**
પ્રમુખ,
હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટર,
વીતરાગ વિજ્ઞાન ચૅરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશન,
કામરેજ, સુરત.
તા. ૨જી ઑક્ટોબર, ૨૦૧૮ (ગાંધી જયંતી)

# અનુક્રમણિકા


**(૧)સર્વ વિઘ્ન નિવારક નિષ્પક્ષપાતી દાદા ભગવાન ત્રિમંત્ર** ........ ૦૧

- **ત્રિમંત્રોની વૈજ્ઞાનિક સમજ** ........ ૦૨

(૧) ‘પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર’નાં પદોની સમજૂતી : ........ ૦૬

(૨) ‘ૐ નમો ભગવતે વાસુદેવાય મંત્ર’ની સમજ : ........ ૧૩

(૩) ‘ૐ નમઃ શિવાય મંત્ર’ની સમજ : ........ ૧૫

(૪) “સચ્ચિદાનંદ” – “જય સચ્ચિદાનંદ” : ........ ૧૬

**(૨)શુદ્ધાત્મા પ્રત્યે પ્રાર્થના** ........ ૧૮

**(૩)નવ કલમો (સર્વાંગી ભાવ-પ્રાર્થના)** ........ ૨૩

- **નવ કલમોની વૈજ્ઞાનિક સમજ** ........ ૨૬

(૧) કોઈનો અહં ન દુભાવવા સંબંધી શક્તિ-પ્રાર્થના ........ ૨૮

(૨) અન્ય ધર્મોના વિનય સંબંધી શક્તિ- પ્રાર્થના ........ ૨૯

(૩) ધર્મોપદેશકો પ્રત્યે વિનય સંબંધી શક્તિ-પ્રાર્થના ........ ૩૦

(૪) અભાવ-તિરસ્કાર ન કરવા સંબંધી શક્તિ-પ્રાર્થના ........ ૩૧

(૫) વાણી સંબંધી શક્તિ-પ્રાર્થના ........ ૩૧

(૬) બ્રહ્મચર્ય સંબંધી શક્તિ-પ્રાર્થના ........ ૩૨

(૭) આહાર સંબંધી શક્તિ-પ્રાર્થના ........ ૩૬

(૮) અવર્ણવાદ-નિંદા-અવિનય સંબંધી શક્તિ-પ્રાર્થના ........ ૩૭

(૯) જગત કલ્યાણ સંબંધી શક્તિ-પ્રાર્થના ........ ૩૮

# ૧

## : સર્વ વિઘ્ન નિવારક નિષ્પક્ષપાતી દાદા ભગવાન ત્રિમંત્ર :

(દર રોજ સવાર – સાંજ આ 'ત્રિમંત્ર' પાંચ વખત અવશ્ય બોલવા, એ સર્વ રીતે હિતકારી છે.)

(૧)

॥ પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર ॥

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજ્ઝાયાણં

નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચનમુક્કારો

સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઈ મંગલં ॥

(૨)

॥ ૐ નમો ભગવતે વાસુદેવાય ॥

(૩)

॥ ૐ નમઃ શિવાય ॥

''જય સચ્ચિદાનંદ''

# :: ત્રિમંત્રોની વૈજ્ઞાનિક સમજ ::

**આ 'ત્રિમંત્રો'માં છે, શ્રેષ્ઠ વ્યક્તિ-વિશેષના દિવ્યગુણોને નમસ્કાર.....**

આ 'ત્રિમંત્રો' એ 'નિષ્પક્ષપાતી મંત્રો' છે :

૧. પંચ પરમેષ્ઠિ નવકાર મંત્રમાં 'અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો'ને નમસ્કાર કરવામાં આવ્યા છે.

૨. 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રમાં 'વાસુદેવ'- જેઓ નરમાંથી નારાયણ થયા છે, તેઓને નમસ્કાર કરવામાં આવ્યા છે તથા

૩. 'ૐ નમઃ શિવાય' મંત્રમાં શિવ સ્વરૂપ ભગવંતો એટલે કે જેમનું પોતાનું કલ્યાણ થઈ ગયું છે અને બીજાઓનું કલ્યાણ કરવાનું જેમનામાં સામર્થ્ય છે, તેમને નમસ્કાર કરવામાં આવ્યા છે.

આ 'ત્રણેય વ્યક્તિ-વિશેષ', આ જગતની અંદર 'સર્વ શ્રેષ્ઠ' પુરુષો ગણાય છે. એટલે આ 'ત્રણેય વ્યક્તિ વિશેષ'ને નમસ્કાર. 'ત્રિમંત્રો'ની અંદર જે જે નમસ્કાર છે, એ કોઈ 'એક વ્યક્તિ'ને નમસ્કાર નથી, પણ એ જે તે વ્યક્તિઓમાં રહેલા 'દિવ્ય ગુણો'ને નમસ્કાર છે. જેમનામાં આવા દિવ્ય ગુણો છે, એવા દરેક વ્યક્તિ-વિશેષને અમારા નમસ્કાર છે, એવું એમાં પ્રતિપાદિત થાય છે.

સનાતન ધર્મમાં મૂળ પુરુષ (આદિ-પુરુષ) 'ઋષભદેવ દાદા' હતા. એ જ પોતે પ્રથમ તીર્થંકર, એ જ પોતે 'શિવ' અને એ જ પોતે પરમાત્મા. દસ લાખ વર્ષ ઉપર આપણી ભારતની ધરતી પર, ચોવીસ અવતારોમાં પહેલામાં પહેલા આદિમ્ પુરુષ, આદિમ્ તીર્થંકર, આદિ પરમાત્મા, આદિ ધર્મનું મુખ, આદિ ધર્મપિતા તરીકે, શ્રીમદ્ ભાગવત્માં તેમજ જૈન શાસ્ત્રોમાં પણ એક જ નામ છે - શ્રી ઋષભદેવ ભગવાન. આજે હિમાલયના બદ્રી-કેદારનાથ અને કૈલાસમાં શિવજીનો વાસ છે, એવું સમજાવવામાં આવે છે, પરંતુ દર અસલમાં તો, આ પણ, તે 'ઋષભદેવ ભગવાન'ની જ વાત છે. જ્યાં જ્યાં પદ્માસનમાં બેઠેલી, જે શિવજીની પ્રતિમા કહેવામાં આવે છે, તે વીતરાગ મુદ્રાની

પ્રતિમા છે. એટલે વીતરાગતા સમજવા માટે, આ શિવજીની આરાધના છે. અસલમાં ઋષભદેવ દાદા વખતથી જ શૈવ ધર્મ પણ હતો. ઋષભદેવ દાદાના પૌત્ર મરિચીને પોતાના અનુભવ પ્રમાણથી, એ 'શિવ' તરીકે - કલ્યાણ સ્વરૂપે સમજાયા હતા. મૂળમાં તો બધા એક જ વર્ગના, પરંતુ આંતર-માન્યતાએ કરીને, અમુક વર્ગને તે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન તરીકે ઓળખાયેલા. એમને એવું માન્યતામાં ફીટ થયું કે, યથાર્થ 'તીર્થ સ્વરૂપ' તો આ જ છે; જેથી એમણે, એમને તીર્થંકર તરીકે ઓળખ્યા. આ રીતે, દરેકે પોતાની સમજણ પ્રમાણે એમને ઓળખ્યા.

હવે, બીજો વર્ગ પોતાની રીતે સમજ્યો કે, આ તો શિવ સ્વરૂપ છે. આ રીતે, એમના નિમિત્તે કરીને, તે અહીંથી બધું જુદું પડ્યું. જો કે, એ શિવ-સ્વરૂપને, એમણે ઓરિજિનલ કલ્યાણ સ્વરૂપના અર્થમાં લીધું. પણ પાછળથી, શિવજીનો અર્થ, કલ્યાણ સ્વરૂપના બદલે નાગવાળા શિવજી એવો થઈ ગયો અને આ રીતે, 'પ્રકૃતિની પૂજા' સ્વરૂપે, લિંગ પૂજા શરૂ થઈ.

આમ, અમુક વર્ગોએ ઋષભદેવને, વીતરાગ તીર્થંકર તરીકે માન્યા અને અમુક વર્ગોએ, પરમપિતા શિવ રૂપે માન્યા. એક જ ભગવાન, વીતરાગ એટલે કે તીર્થંકર કહેવાયા અને તે જ ભગવાન, પાછા શિવ તરીકે પણ પૂજાયા. આમ, એક જ ઋષભદેવ ભગવાનને, જુદા જુદા સ્વરૂપે પૂજવામાં આવ્યા છે.

## 'ત્રિમંત્રો'માં શ્રેષ્ઠ પુરુષોને નમસ્કાર

આદિનાથ તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવ દાદાએ આપેલા આ છે નિષ્પક્ષપાતી 'ત્રિમંત્રો'. આ 'ત્રિમંત્રો'માં છે આત્માની વિવિધ ગુણશ્રેણીમાં સ્થિત, સર્વોત્તમ, સર્વહિતકારી એવા શ્રેષ્ઠ પુરુષોને નમસ્કાર.....

આ 'ત્રિમંત્રો' સાથે અંતરનો તાર જોડી, તે 'સ્વરૂપ' થવાની અહીં છે પ્રબળ ભાવના – તે 'સ્વરૂપ' થવાની અહીં છે હૃદયની તીવ્રતર ઝંખના-પ્રાર્થના.

## 'ત્રિમંત્રો'નું અદ્વિતીય સ્થાન

આ અનન્ય 'ત્રિમંત્રો'નું ફળ બે પ્રકારનું છે; આ લોક સંબંધી અને પરલોક સંબંધી. આ લોકમાં ધર્મ, અર્થ, કામની પ્રાપ્તિ તથા પરલોકમાં સિદ્ધિ, મોક્ષ, એ સ્વરૂપે, ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. ઉપરાંત વીતરાગ-પ્રણિત વિજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય. આમ, દાદા ભગવાને તો આ 'ત્રિમંત્રો'ને, 'સંસારવિઘ્ન નિવારક દાદા ભગવાન ત્રિમંત્ર' તરીકે ઓળખ આપી છે. આ રીતે વિચારીએ તો, આ 'ત્રિમંત્રો'નું સ્થાન અદ્વિતીય છે.

### મહાન પુરુષોને નમસ્કાર, એ માંગલિકનો હેતુ

સર્વ દર્શનોમાં, પોતપોતાના દર્શનોના પ્રણેતા 'મહાન પુરુષો'ને, 'નમસ્કાર' કરવાનું વિધાન કરવામાં આવ્યું છે અને તે 'માંગલિક'નો મુખ્ય હેતુ માનવામાં આવેલ છે.

### અહીં 'નમસ્કાર કરનાર' સ્વયં 'નમસ્કાર્ય સ્વરૂપ' થાય

આ 'નિષ્પક્ષપાતી દાદા ભગવાન ત્રિમંત્રો'ને, સાચા હૃદયથી શ્રદ્ધાપૂર્વક કરેલા નમસ્કારના પરિણામે, 'નમસ્કાર્ય' અને 'નમસ્કાર' કરનાર, આ 'બંને'ની વચ્ચે રહેલું અંતર, ક્રમશઃ ઓછું થવા પામે છે. પરિણામે 'નમસ્કાર કરનાર' સ્વયં 'નમસ્કાર્ય' સ્વરૂપ બનતો જાય છે.

### 'ત્રિમંત્રો' સાથે બોલવાનું ઋષભદેવદાદાનું વિધાન

આ ચોવીસીના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ, જે 'બધા ધર્મોનું મુખ' છે. (બધા ધર્મોનું મુખ એટલે કે આખા જગતને ધર્મોની પ્રાપ્તિ કરાવનારાઃ સનાતન હિંદુ ધર્મની-વેદાંત ધર્મની, જૈન ધર્મની તથા તમામ ધર્મોની સ્થાપના કરનારા.) એમણે સંસાર વ્યવહારમાં આવતાં વિઘ્નો દૂર થાય એ માટે લોકોને કહ્યું કે, 'પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર', 'ૐ નમો ભગવતે વાસુદેવાય મંત્ર' અને 'ૐ નમઃ શિવાય મંત્ર' - એમ આ ત્રણે 'મંત્રો' ('ત્રિમંત્રો') સાથે બોલજો.

'સ્વ-સ્વરૂપ'ની સાધના કરતી વખતે, 'સાધના'માં કોઈ પણ પ્રકારે, કોઈ પણ 'સાંસારિક વિઘ્ન' આવે નહિ, એ માટે આદિનાથ ભગવાન ઋષભદેવે, સૌ પ્રથમ 'ત્રિમંત્રો' આપેલા અને આ ત્રણેય મંત્રોને ભેગા બોલવાનું કહ્યું હતું. તેમણે કહેલું કે, જરૂર પડે તો, દેરાં (મંદિરો) વહેંચી લેજો, પણ 'મંત્રો' તો 'ત્રણેય' એકસાથે જ બોલજો, જેથી દરેક ધર્મનું રક્ષણ કરનાર રક્ષક દેવો અને શાસન દેવ-દેવીઓ હોય, એમનો આપણા ઉપર રાજીપો ઉતરે.

આ ઉપરાંત, આત્મિક પ્રગતિ સારી રીતે થાય એ હેતુથી, અહીયાં (૧) નવકાર મંત્ર, (૨) ૐ નમો ભગવતે વાસુદેવાય મંત્ર અને (૩) ૐ નમઃ શિવાય મંત્ર - આ 'ત્રણેય મંત્રો'નો સમન્વય પ્રબોધાયો છે; પણ કાળક્રમે અણસમજણને કારણે, અજ્ઞાનતાના કારણે, લોકોએ નવા નવા સંપ્રદાયોના વાડા બાંધ્યા, અને આ 'ત્રણેય મંત્રો'ને પણ વહેંચી લીધા !! પરંતુ આ 'ત્રિ-મંત્ર' ભેગા બોલવાનો મહિમા અદ્વિતીય છે.

## 'ત્રિમંત્રો' સાથે બોલવાથી બધા દેવ-દેવીઓનો રાજીપો પ્રાપ્ત

દરેક ધર્મનું રક્ષણ કરનારા શાસન દેવ-દેવીઓ હોય છે. આ 'નિષ્પક્ષપાતી ત્રણેય મંત્રો' સાથે બોલવાથી, બધા ધર્મના દેવ-દેવીઓ આપણા ઉપર રાજી રાજી રહે. જો આ 'ત્રણેય મંત્રો' સાથે ન બોલો અને માત્ર કોઈ એક જ 'મંત્ર' બોલો તો, ખરેખર 'નિષ્પક્ષપાતીપણું' સચવાય નહિ. જ્યારે આપણો 'ધ્યેય' તો આ 'નિષ્પક્ષપાતી ત્રિમંત્રો' સાથે બોલી, બ્રહ્માંડના બધા દેવ-દેવીઓનો રાજીપો મેળવીને મોક્ષે જવાનો છે...

## દાદા ભગવાન દ્વારા 'ત્રિ-મંત્રો'ના પદોનું રહસ્ય ખુલ્લું

અક્રમ-વિજ્ઞાની સંપૂજ્ય દાદા ભગવાને 'ત્રિ-મંત્રો'ના બધાં પદોનું રહસ્ય ખુલ્લું કર્યું. આજે દાદા ભગવાન થકી, આ 'ત્રિ-મંત્રો'નો 'પ્રભાવ' પુનર્ચેતનવંતો બન્યો છે અને હવે પછી પણ, આ 'પ્રભાવ' ભારત તથા વિદેશોમાં પણ અખંડપણે વિસ્તરતો રહેશે.

આ બધા 'મંત્રો' - 'ત્રિમંત્રો' સાથે બોલવાથી, બધા ધર્મના શાસન દેવ-દેવીઓનો આપણા ઉપર 'રાજીપો' ઉતરે અને આપણને સર્વ રીતે 'રક્ષણ' મળે. સંસારની અને મોક્ષમાર્ગની મુશ્કેલીઓ અને મૂંઝવણો દૂર થાય, ''આત્મા'' ઉપરનાં આવરણો ક્રમશઃ હટે, સહજ અને સનાતન સુખનો રાહ મળે તથા માગ્યા મેહ વરસે એમ છે.

## 'મનમ્ ત્રાયતે' ઈતિ મંત્ર

'મનમ્ ત્રાયતે' ઈતિ મંત્ર - મનના સ્તરે (સ્ટેજે) શાંતિ પ્રવર્તાવે, એનું નામ 'મંત્ર' - એ 'મંત્રજાપ'નું પરિણામ થયું. સમ્યક્ સમજણપૂર્વક કરેલ 'મંત્ર જાપ', આપણને સંસારમાં શાંતિ આપે. 'મન'ને શાંત કરે એનું નામ 'મંત્ર'. આ પ્રકારે 'મંત્રજાપ'થી આપણને સુખ-શાંતિ પ્રાપ્ત થાય.

'મંત્ર' એ 'મન'ને આનંદ પમાડે, 'મન'ને શક્તિ આપે. 'મંત્રો' વિઘ્નોનો નાશ કરે. શૂળીનો ઘા સોયથી સરે.

'મન'ને તારનાર છે એ 'મંત્ર'. નિષ્પક્ષપાતી 'મંત્ર-જાપ', એ 'મનોબળ' વધારનારું અદ્ભુત સાધન છે. **પ્રાર્થનાવિધિ કરતી વખતે આંખો બંધ કરી પ્રાર્થનાનો અક્ષરે-અક્ષર પોતાના ચિત્તમાં વંચાતો જાય એવી રીતે બોલવાથી ચિત્તની સુંદર એકાગ્રતા થઈ ચિત્ત શુદ્ધ થતું જાય છે અને પોતાના જીવનમાં અદ્ભુત પરિણામ મળે છે.**

દાદા ભગવાન કહે છે, ''અમારો આપેલો ત્રિમંત્ર સવારમાં પાંચ વખત અમારું મોઢું યાદ કરીને બોલશો તો ક્યારેય પણ ડૂબશો નહીં અને ધીરે ધીરે મોક્ષેય મળશે, અને તેની જોખમદારી અમે લઈએ છીએ''.

## (૧). 'પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર'નાં પદોની સમજૂતી :

### (ક). નવકાર મંત્રનું પ્રથમ પદઃ નમો અરિહંતાણં

દાદા ભગવાન કહે છે કે, 'નમો અરિહંતાણં' પદમાં આવેલ 'અરિ' એટલે 'આંતર શત્રુઓ' અને 'હંત' એટલે હણ્યા છે. જેમણે, 'આંતર શત્રુઓ'ને હણ્યા છે એવા 'અરિહંત' ભગવાનને નમસ્કાર કરું છું.

જેમણે, આવા 'આંતર શત્રુઓ' નો નાશ કર્યો છે, અર્થાત્ 'ક્રોધ-માન-માયા-લોભ' ('રાગ-દ્વેષ') રૂપી 'દુશ્મનો'નો નાશ કર્યો છે, એ 'અરિહંત ભગવંત' કહેવાય.

આ 'અરિહંત ભગવાન' દેહધારી જ હોય. દેહધારી ન હોય તો અરિહંત કહેવાય જ નહિ.

### અરિહંત અનંત ચતુષ્ટ્યના ધારક

'પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર'માં પ્રથમ પદ 'અરિહંત'નું છે. 'અરિ' એટલે રાગ-દ્વેષ આદિ અંદરના શત્રુઓ અને 'હંત'નો અર્થ નાશ કરનાર. અતઃ ફલિતાર્થ એ થયો કે, તેઓએ આધ્યાત્મિક સાધનાના માર્ગ ઉપર મનના વિકારો સાથે લડી, વાસનાઓ સાથે સંઘર્ષ કરી, રાગ-દ્વેષ સાથે ટક્કર લઈ અને અંતે સૌ આંતરશત્રુઓને પરિપૂર્ણરૂપથી સદાને માટે નષ્ટ કરી નાખ્યા છે, એટલા માટે એમને 'અરિહંત' કહે છે. તેઓ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંત શક્તિરૂપ, 'અનંત ચતુષ્ટ્યના ધારક' હોય છે.

### 'અરિહંત ભગવંતો' ઉપકારની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ

'શ્રી અરિહંત ભગવંતો' ઉપકારની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ છે અને તે દૃષ્ટિએ જ તેમને પ્રથમ નમસ્કાર કરવામાં આવ્યા છે.

'અરિહંત ભગવંતો', કેવળ માર્ગ દર્શાવનાર જ નહિ, પણ સ્વયં માર્ગરૂપ પણ છે. 'અરિહંતો'નાં દર્શનથી આત્માર્થી ભવ્યજીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ શકે છે.

### 'અરિહંત ભગવાન' જન્મથી જ ત્રણ જ્ઞાનના ધારક

'અરિહંત પદ'ને પ્રાપ્ત કરનાર આત્મા, ઉત્તમ નિર્મળ કુળમાં, 'મતિજ્ઞાન', 'શ્રુતજ્ઞાન' અને 'અવધિજ્ઞાન' એ 'ત્રણે જ્ઞાન' સાથે લઈને, માતાની કૂખે જન્મે છે. 'તેઓ' આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરીને જ્યારે 'દીક્ષા' અંગીકાર કરે

છે કે તરત જ, તેમને ચોથા 'મનઃપર્યાય' જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ત્યારબાદ તેમનાં ચાર ઘાતીકર્મો – જ્ઞાનવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ અને અંતરાય કર્મનો સર્વથા ક્ષય થાય છે, એટલે કે ક્રોધ-માન-માયા-લોભનો સર્વથા ક્ષય થાય છે.

### 'અરિહંત ભગવાન' ને નમસ્કાર કરવા અંગેની દાદા ભગવાનની અદ્ભુત ગોઠવણી

'અરિહંત ભગવાન'ને, નમસ્કાર, વંદન તથા પૂજન કરવાથી, વર્તમાનકાળના 'અરિહંતો', જે સમર્થ મહાન આત્માઓએ આંતરદોષો ઉપર વિજય મેળવીને, અનંતગુણોનો આવિર્ભાવ કર્યો છે, તે તમામને 'નમસ્કાર', સંપૂજ્ય દાદા ભગવાનનાં માધ્યમ દ્વારા પહોંચી જાય છે. વર્તમાન અરિહંત ભગવાન 'શ્રી સીમંધર સ્વામી', જેઓ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે, તેવા 'શ્રી સીમંધર સ્વામી'ને સંપૂજ્ય દાદા ભગવાને દર્શાવેલ રીત પ્રમાણેની, 'ચાલીસ (૪૦) વાર નમસ્કાર કરવાની એમણે કરેલ ગોઠવણી' અદ્ભુત છે.

### દાદા ભગવાનની સાક્ષીએ અરિહંત ભગવાન 'શ્રી સીમંધર સ્વામી'ને નમસ્કાર

'પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન શ્રી 'સીમંધર સ્વામી'ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું', તે ચાલીસ વખત ઉપયોગપૂર્વક બોલવાની 'વિધિ' સંપૂજ્ય દાદા ભગવાને બતાવી છે. એટલે કહેવામાં આવે છે કે, આના પરિણામે જીવનો મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ થવાનો સંભવ શક્ય બને છે. મહાવિદેહ ક્ષેત્રમાં અરિહંત ભગવાન 'શ્રી સીમંધર સ્વામી' આજે સદેહે વિચરી રહ્યા છે. દાદા ભગવાનની કૃપાથી, સ્વસ્વરૂપની પ્રબળ ભાવનાવાળા આત્માર્થી મુમુક્ષુઓ ભાવિ જન્મમાં મહાવિદેહ ક્ષેત્રે પ્રયાણ કરી, અરિહંત ભગવાન શ્રી 'સીમંધર સ્વામી'ના દર્શનયોગ માટે સદ્ભાગી બની શકે છે અને 'સીમંધર સ્વામી'ની દૃષ્ટિકૃપાથી આવા આત્માર્થી મુમુક્ષુઓ 'કેવળજ્ઞાન'ના અધિકારી પણ બની શકે છે. આ એક અદ્ભુત રહસ્યનો ફોડ, અક્રમ વિજ્ઞાની સંપૂજ્ય દાદા ભગવાને જગત સમક્ષ રજૂ કરી, કોટિ કોટિ ઉપકાર કર્યા છે.

### સુરત ક્ષેત્રે નિષ્પક્ષપાતી 'ત્રિમંદિર' માં 'શ્રી સીમંધર સ્વામી'ની 'પ્રતિમા' પ્રતિનિધિ સ્વરૂપે

આજે મહાવિદેહ તીર્થધામ, કામરેજ ચાર રસ્તા, નવાગામ, સુરતમાં સંપૂજ્ય દાદા ભગવાનના આંતરઆશય મુજબ, ત્રિમંદિર સંકુલની રચના થઈ છે. મહાવિદેહ તીર્થધામ ત્રિમંદિર સંકુલમાં પ્રસ્થાપિત વર્તમાન તીર્થંકર પરમાત્મા 'શ્રી સીમંધર સ્વામીની પ્રતિમા', 'એ' સંપૂજ્ય 'દાદા ભગવાન'ની દૃષ્ટિએ, એ સામાન્ય પ્રતિમા નથી,

પરંતુ વર્તમાન કાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યમાન અરિહંત પરમાત્મા 'શ્રી સીમંધર સ્વામીના પ્રતિનિધિ સ્વરૂપે આ પ્રતિમા' છે. એટલે હાલમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન 'શ્રી સીમંધર સ્વામી'ની સમક્ષ પ્રત્યક્ષ આરતી-પૂજન-અર્ચન-ભક્તિ-નમસ્કાર કરે અને જે ફળ મળે, એટલું જ ફળ, કામરેજ-સુરત ત્રિમંદિર સંકુલની 'પ્રતિમા'ના આરતી-પૂજન-અર્ચન-ભક્તિ-નમસ્કારથી પ્રાપ્ત થાય છે. સૌ કોઈ જાણે છે કે 'પ્રતિનિધિ' પાસે 'મૂળ પુરુષ'ના જેટલા જ 'Powers' ('સત્તા') હોય છે. આ પ્રતિમાનું વજન ૨૫ (પચ્ચીસ) ટન છે, ઊંચાઈ બાર ફૂટની છે અને પલાંઠી વાળીને-પદ્માસન મુદ્રામાં બેઠા છે; આ પલાંઠી નવ ફૂટની છે.

'સનાતન મૂળ ત્રણ મંત્રો'નાં 'ત્રણ મંદિરો'ને સમાવિષ્ટ કરતું, 'મહાવિદેહ તીર્થધામ', કામરેજ ચાર રસ્તા, સુરતમાં આવેલ આ 'નિષ્પક્ષપાતી ત્રિમંદિર', સર્વ ધર્મોના મૂળભૂત હેતુને ઐક્ય ભાવે પરિણામ પ્રગટાવતું, સનાતન સુખનું દિવ્ય સંસ્કાર ક્ષેત્ર છે. જેના દર્શનમાત્રથી દર્શનાર્થીનું જીવન ધન્ય ધન્ય બની જાય છે.

### (ખ). નવકાર મંત્રનું દ્વિતીય પદ 'નમો સિદ્ધાણં': સિદ્ધદશા એ મુક્ત દશા છે

'પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર'માં બીજું પદ છે 'સિદ્ધ ભગવંત'નું. 'સિદ્ધ'નો અર્થ 'પૂર્ણ' થાય છે. જે રાગદ્વેષરૂપે રહેલા આંતર શત્રુઓને જીતીને, નિર્મૂળ કરીને, સદાને માટે જન્મ-મરણથી રહિત બની, શરીર અને શરીર સંબંધી સુખ-દુઃખોથી પર થઈ, અનંત એકરસ આત્મસ્વરૂપમાં સ્થિત થઈ ગયા છે, નિરાકુળ આનંદમય શુદ્ધ સ્વભાવમાં પરિણત થઈ ગયા છે, એમને 'સિદ્ધ' કહે છે. 'સિદ્ધદશા એ મુક્તદશા છે'. અહીં એકમાત્ર આત્મા જ છે. પરદ્રવ્ય અને પરપરિણતિ એવું કશું જ એમને નથી. આપણું 'ચરમ ધ્યેય', 'સિદ્ધત્વ' દશા પ્રાપ્ત કરવાનું છે. આઠ પ્રકારનાં કર્મો વડે સર્જાતું એવું શરીર સિદ્ધને નથી હોતું એટલે કર્મરહિત શુદ્ધ આત્મા એવા સિદ્ધ પરમાત્માને સંસારમાં પાછા આવવાપણું રહેતું નથી. લોકાકાશની ઊંચામાં ઊંચી સીમા ઉપર, શાંતિમય સિદ્ધશિલામાં સિદ્ધો સ્વભાવ અવસ્થામાં રહે છે.

### સિદ્ધોનું સુખ સ્વયં વેદ્ય

સર્વ આંતર શત્રુઓના ક્ષયથી, સર્વ રોગોના નાશથી તથા સર્વ ઈચ્છાઓની પૂર્તિ થવાથી, જીવને જે સુખ થાય, તે કરતાં અનંતગણું સુખ સિદ્ધોને 'રાગ-દ્વેષરૂપી ભાવશત્રુ'ના ક્ષયાદિકથી હોય છે અને આ સુખ સિદ્ધોને સ્વયં વેદ્ય છે અર્થાત્ પોતે જ તેનો અનુભવ કરે છે.

હવે 'અરિહંત' અને 'સિદ્ધ', એમાં 'અરિહંત'ને પહેલા કેમ મૂક્યા? કારણ કે તેઓ પ્રત્યક્ષ ઉપકારી છે, એટલે એમને પહેલા મૂક્યા. 'અરિહંત'તો કામમાં લાગે, દેહધારી એટલે પ્રત્યક્ષ ઉપકારી છે અરિહંત. પ્રત્યક્ષ ઉપકારી છે એટલા માટે એમને પ્રથમ નમસ્કાર કર્યા, ત્યારપછીના નંબરે 'સિદ્ધ'ને મૂક્યા ! હવે એમને બીજા નંબરે શાથી રાખ્યા? કારણ કે 'સિદ્ધ ભગવાન' એ આપણું લક્ષ છે, આપણે એમના જેવા થવાનું છે. જે ગામ જવાનું છે, તેનું લક્ષ ના ચૂકાવું જોઈએ, એ લક્ષને માટે 'સિદ્ધ ભગવાન'ને નમસ્કાર લખ્યા છે. માટે આ 'સિદ્ધ ભગવાન' બીજા ક્રમે ઉપકારી, અને 'અરિહંત ભગવાન' પહેલા ક્રમે ઉપકારી !

'આ સીમંધર સ્વામી; ભારત દેશ સાથે ઋણાનુબંધથી સંકળાયેલા હોવાથી, આપણા માટે પ્રત્યક્ષ ઉપકારી છે. એટલે આ 'તીર્થંકર ભગવાન'ને 'અરિહંત' તરીકે સ્વીકારો તો, તમારું કલ્યાણ થાય. અત્યારે એ 'સીમંધર સ્વામી' દેહધારીરૂપે પ્રત્યક્ષ છે, વર્તમાનમાં છે, માટે એ 'અરિહંત' કહેવાય. એટલે આ વર્તમાન અરિહંત પરમાત્મા 'શ્રી સીમંધર સ્વામી'નું જો નામ બોલોને, તો કામ થાય; એવું સંપૂજ્ય દાદા ભગવાનનું કહેવું છે.

## (ગ). નવકાર મંત્રનું તૃતીય પદ : 'નમો આયરિયાણં'

દાદા ભગવાન કહે છે કે, 'અરિહંત ભગવાને' 'કહેલા આચાર, જે પાળે છે અને તેવા 'આચાર' પળાવે છે, એવા 'આચાર્ય ભગવાન'ને નમસ્કાર કરું છું.

### 'આચાર્ય ભગવંતો' સાચા અર્થમાં કલ્યાણ સ્વરૂપ

વીતરાગ શાસનના ભવ્ય ભૂતકાળ પર નજર કરીએ છીએ ત્યારે એ વાતની જરૂર પ્રાપ્તિ થાય છે કે, આર્યકુળ અને આર્યદેશને સાર્થક કરનારા 'આચાર્ય ભગવંતો', પોતાના જ્ઞાનઉજાસથી, 'શાસન'ને, અનોખી સિદ્ધિ અને સમૃદ્ધિથી, જ્ઞાનસાધનાથી, ઉગ્ર તપથી અને પ્રબળ પુરુષાર્થથી શોભાવી ગયા. પૂર્વના પ્રતાપી આચાર્યોએ, તીવ્ર જ્ઞાનસાધનાથી અને સંયમની સુવાસથી તથા ગુણપૂજન દ્વારા, વિશ્વને આશ્ચર્યચકિત કરી દે, તેવું સાહિત્ય સર્જન પણ કર્યું છે. આ આચાર્યોએ, પૂર્વજોના સુવર્ણ ભંડારો ખુલ્લા મૂકીને, કલાના નમૂના સમાન ગગનચુંબી મંદિરોની રચના કરાવી છે. તો પ્રતિભાસંપન્ન આચાર્યોએ, મૂલ્યવાન ગ્રંથોનો આપણને વારસો આપ્યો છે અને તેથી તેઓ, સાચા અર્થમાં આપણા માટે, કલ્યાણ સ્વરૂપ કહેવાય.

### સમસ્ત જીવોને ઊંચામાં ઊંચા ભાવ આપનારા સદ્‌ગુણો

મહાવીર ભગવાનના શાસનમાં, આચાર્ય ભગવંતો દ્વારા દર્શાવેલ ગુણોની પૂજા કરનારાઓની, એક સુવ્યવસ્થિત કાર્યકારી સુંદર પરંપરા અનાદિકાળથી અકબંધ રીતે જોવા મળે છે. તેમજ તેમના દ્વારા, સંસારના સમસ્ત જીવોને ઊંચામાં ઊંચો ભાવ આપનારા સદ્‌ગુણોને અને ભાવશ્રદ્ધાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આચાર્ય ભગવંતોએ વહાવેલી ગુણાનુરાગી ગંગાનું આચમન, આત્માર્થી જિજ્ઞાસુઓને દીર્ઘકાળ સુધી ખૂબ દૃઢ બળ પ્રગટાવે છે. 'આચાર્ય ભગવંતોના સદ્‌ગુણો' મુમુક્ષુને, તેના સંકલ્પો, સાધના અને છેવટની સિદ્ધિ તરફ પહોંચાડવામાં નિમિત્ત બને છે. સમર્થ આચાર્યોએ તેમનાં વ્યાખ્યાનોમાં વારંવાર સમજાવ્યું છે કે માનવીના દેહ કે કૂળ ક્યારેય પૂજાયાં નથી, સદ્‌ગુણો જ હમેશાં પૂજાય છે અને પૂજાશે.

### આચાર્ય ભગવંતો દ્વારા નિજ કલ્યાણ સાથે જગત કલ્યાણ

'આચાર્ય ભગવંતો' એ, સમ્યક્ ચારિત્રની નિર્મળ આરાધના કરીને, ઉન્નતિનાં અનેક શિખરો સર કરીને, શરણાગત જીવોનું કલ્યાણ કરીને, સન્માર્ગનો રાહ બતાવીને, નિજ કલ્યાણ તો સાધ્યું જ છે, પણ સાથે-સાથે જગકલ્યાણ માટે પણ, અથાક પરિશ્રમ ઉઠાવ્યો છે. આવા મહાપુરુષોનો દેહવૈભવ ભલે કાળક્રમે વિલીન થઈ જાય, પણ તેઓનો 'ગુણવૈભવ', ભવ્યાત્માઓના અંતરપટ ઉપર સદૈવ સ્મૃતિવિષય બની જાય છે.

### (ઘ). નવકાર મંત્રનું ચોથું પદઃ 'નમો ઉવજ્ઝાયાણં'

દાદા ભગવાન કહે છે કે, નવકારમંત્રનું ચોથું પદ 'ઉપાધ્યાય ભગવાન' ! એમનો શું અર્થ થાય? પોતે ભણે અને પછી બીજાઓને ભણાવડાવે, શાસ્ત્રો ભણે અને ભણાવડાવે, એવા 'ઉપાધ્યાય ભગવાન'ને અમે નમસ્કાર કરીએ છીએ....

### (ચ). નવકાર મંત્રનું પાંચમું પદઃ 'નમો લોએ સવ્વ સાહૂણં'

દાદા ભગવાન કહે છે કે, 'લોએ' એટલે 'લોક' અને 'સાહૂણં' એટલે 'સાધુ'. તે આ લોકમાં જેટલા સાધુઓ છે, એ બધા સાધુઓને હું નમસ્કાર કરું છું. સાધુઓ કોને કહેવા? આત્મદશા સાધે તેને 'સાધુ' કહેવાય. આવા 'સાધુ'ને અમે નમસ્કાર કરીએ છીએ...

### સાધુ સ્વ-સ્વભાવનો સાધક

'પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર'માં પાંચમું પદ છે સાધુનું. 'સાધુ' શબ્દનો મૂળ અર્થ છે – 'સાધક'. જે સાધના કરે છે તે સાધક છે. પણ શાની સાધના? સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્યરૂપ મોક્ષમાર્ગની સાધના કરે છે તે 'સાધુ' છે. 'સ્વ-સ્વભાવ'નો તે સાધક છે.

### (છ). પાંચ મંગલમય પાયરીઓ –'સ્તંભ'

'પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર'માં 'અરિહંત', 'સિદ્ધ', 'આચાર્ય', 'ઉપાધ્યાય' અને 'સાધુ', એ 'પાંચ'ને મહાન શ્રેષ્ઠ આત્માઓ ગણ્યા છે. તેઓને ધર્મશાસ્ત્રોમાં સર્વોચ્ચ કોટિના મહાન આત્માઓ તરીકે બિરદાવ્યા છે. આ ઉપરાંત 'ધર્મ શાસ્ત્રો'માં એમનાં અતિ અતિ 'સ્તુતિગાન' ગવાયાં છે. આ કોઈ વ્યક્તિ વિશેષનાં નામો નથી, પણ આ તો આધ્યાત્મ-ગુણોના વિકાસથી પ્રાપ્ત થતી પાંચ મંગલમય પાયરીઓ છે, પાંચ મંગલમય 'સ્તંભ' છે.

### 'આંતર શત્રુઓ' ઉપર વિજય

'પંચ પરમેષ્ઠિ નવકાર મંત્ર' એ 'આંતર શત્રુઓ' – 'ક્રોધ-માન-માયા અને લોભ' (રાગ-દ્વેષ) ઉપરના 'વિજય'નો 'સમ્યક્ માર્ગ' અથવા 'સાચો ધર્મ' છે. આ ઉપરાંત, આ 'વિજય', તે ઇંદ્રિયો ઉપરના, મન ઉપરના, વાસનાઓ ઉપરના 'વિજય'નો સમ્યક્ માર્ગ એટલે કે સાચો ધર્મ છે.

'સનાતન હિંદુ ધર્મ'માં – 'વેદાંત'માં 'ષડરિપુ' આવે છે, 'ષડ' અર્થાત્ ૬-છ. – 'કામ, ક્રોધ, લોભ, મોહ, મદ (ગર્વ, તોર) અને મત્સર (અદેખાઈ, ગુમાન)'. – હકીકતમાં તો, આ મનુષ્યના ૬-છ 'આંતર શત્રુઓ' છે. આ 'શત્રુઓ' બહાર રહેલા નથી, પણ પોતાની અંદર જ રહેલા છે, એ ઉપરાંત આ 'શત્રુઓ', 'મિત્રો'નો પોષાક પહેરીને, આપણી અંદર –પોતાની અંદર ગુપ્ત રીતે રહેલા છે, એટલે તો, આપણે અંતિમ કાળ સુધી, એમને સાચા અર્થમાં 'શત્રુ' તરીકે ઓળખી શકતા નથી, એટલું જ નહિ, પણ આપણે તો, એમના પક્ષે રહીને, ઉપરથી એમનો બચાવ કરીએ છીએ. આ રીતે એમને ખોરાક આપી, વધુને વધુ મજબૂત કરીએ છીએ, એટલે તો, એ આપણા ઉપર ઠેઠ સુધી પ્રભુત્વ જમાવે છે અને ઠેઠ સુધી આપણને એની ખબર પણ પડતી નથી, એ આ કાળનું મોટામાં મોટું આશ્ચર્ય ગણાય !!! એટલા માટે તો, આપણે 'આ શત્રુઓ' ઉપર સત્વરે 'વિજય' મેળવવો અત્યંત જરૂરી છે. જ્યાં જ્યાં આ 'શત્રુઓ' ઉપર 'વિજય' પ્રાપ્ત થાય છે, ત્યાં ત્યાં 'સમ્યક્ માર્ગ', ત્યાં ત્યાં 'સનાતન સ્વ-પરણિતિવાળો સાચો હિંદુ

ધર્મ' છે, ત્યાં ત્યાં 'યથાર્થ વેદાંત ધર્મ' છે. એટલે તો આધ્યાત્મિક દૃષ્ટિથી જોઈએ તો, આ 'આંતર શત્રુઓ' ઉપરના 'વિજય'નો ધર્મ, સર્વત્ર અવશ્ય આવકારદાયક જ છે.

**(જ). પંચ પરમેષ્ઠિ નવકાર મંત્રનું મહાત્મ્ય**

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજ્ઝાયાણં

નમો લોએ સવ્વસાહૂણં

**એસો પંચનમુક્કારો**

**સવ્વ પાવપ્પણાસણો**

**મંગલાણં ચ સવ્વેસિં**

**પઢમં હવઈ મંગલં....**

**સર્વ 'પાપો'નો નાશ કરનારા અથશ્રી મંગલમ્**

આ 'પાંચે નમસ્કાર', સર્વ 'પાપો'નો નાશ કરનારા 'અલૌકિક નમસ્કાર' છે અને એનો એક ચિત્તે સ્વાધ્યાય સ્વરૂપે નિયમિત 'જપ' કરનારા આત્માર્થી મુમુક્ષુઓ – મોક્ષાર્થીઓ માટે આ 'નમસ્કાર' સર્વ પ્રકારે કલ્યાણકારક છે. જેઓ જેઓ, એમનો નિયમિત 'પાઠ' કરે છે, તેઓનું અવશ્ય 'મંગલ' – 'કલ્યાણ' થાય છે. જે મોક્ષાર્થી જીવ, આ પાંચેય 'પરમેષ્ઠિઓ'ને ઓળખીને, તેમના બતાવેલા માર્ગે ચાલે છે, તેમને અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે.

**આ પાંચ નમસ્કારનો મહિમા અને પ્રથમ મંગલ**

દાદા ભગવાન કહે છે કે, : 'એસો પંચ નમુક્કારો' – આ પાંચ અર્થાત્ 'અરિહંત', 'સિદ્ધ', 'આચાર્ય', 'ઉપાધ્યાય' અને 'સાધુ', આ 'પાંચ' ને 'નમસ્કાર' કર્યા, 'તે નમસ્કાર',

'સવ્વ પાવપ્પણાસણો' – અર્થાત્ 'બધાં પાપોનો નાશ કરનાર' છે. આ 'પાંચ નમસ્કાર' બોલવાથી સર્વ પાપોનો સમૂળ નાશ થાય.

'મંગલાણં ચ સવ્વેસિં' – અર્થાત્ 'બધા મંગલોમાં',

'પઢમં હવઈ મંગલં' – અર્થાત્ આ 'સર્વોત્તમ મંગલ' છે. આ દુનિયામાં બધાં મંગલો જે છે, એ બધામાં શ્રેષ્ઠ 'મંગલ', આ 'પાંચ નમસ્કાર' છે, એવું કહેવાનો અત્રે આશય છે.

## (૨) ૐ નમો ભગવતે વાસુદેવાય :

**'ૐ' – 'ઓમકાર' એટલે ટૂંકો નવકાર મંત્ર**

''ૐ નમો ભગવતે વાસુદેવાય'' - આમાં **'ઓમકાર'- ''ૐ''**, એ **'अ', 'अ', 'आ', 'ऊ', 'म्'—** એ પાંચનું ભેગું સ્વરૂપ છે.

'अ' = ''અરિહંત'',
'अ'= ''અદેહી સિદ્ધ'';
'आ'= ''આચાર્ય'';
'ऊ' = ''ઉપાધ્યાય''; અને
'म्'= ''મુનિ''/ ''સાધુ''.

એટલે આ ટૂંકો નવકાર જ છે.

**'નરમાંથી નારાયણ', એ 'વાસુદેવ'ને નમસ્કાર**

'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રના સંદર્ભમાં 'વાસુદેવ' એટલે કોણ? 'વાસુદેવ' એટલે કે -જેઓ, સ્વ-પરાક્રમ - સ્વ-ઐશ્વર્યથી, નરમાંથી નારાયણ થયા છે, તેઓ આ વિશ્વમાં 'વાસુદેવ'ના નામથી ઓળખાયા છે. જે વાસુદેવ ભગવાન, જે નરમાંથી નારાયણ થયા, એટલે તેમને અમે નમસ્કાર કરીએ છીએ.

### વાસુદેવ - 'ધર્મ'ના રક્ષક

વાસુદેવ એ સદ્‌ગુણોના ભંડાર એવા શ્રેષ્ઠ પુરુષ ગણાય કે, જેઓ નરમાંથી નારાયણ થયા છે. જે 'ધર્મ'ના રક્ષક હોય અને 'ધર્મ'નું રક્ષણ કરવા માટે, પોતાની તમામ શક્તિઓ હોડમાં મૂકી, 'ધર્મ'નો વિજય કરાવે.... તેઓ કોઈપણ ભોગે ધર્મની રક્ષા કરવાનું સાર્મથ્ય ધરાવતા હોય એટલે એવા નરમાંથી નારાયણ થયેલા વાસુદેવ ભગવાનને અમારા નમસ્કાર છે.

### નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, નવ બળદેવ

આ કાળચક્રમાં ઋષભદેવ ભગવાનથી માંડીને અત્યાર સુધીમાં 'નવ વાસુદેવ' થયા. તે વાસુદેવ એટલે નરમાંથી નારાયણ થાય, એ પદને 'વાસુદેવ' કહે છે. એ સમયે કુદરતી ક્રમે, આવા નવ 'પ્રતિવાસુદેવ', પણ હોય, આમાં પાછા 'નવ બળદેવ' પણ હોય. વાસુદેવના ઓરમાઈ ભાઈ, એ બળરામ કહેવાય છે. વાસુદેવ-પ્રતિવાસુદેવ અને બલરામ એ ત્રણ સમકાલીન હોય. એક કાળચક્રમાં આવા નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બલરામ થાય. વાસુદેવ ધર્મપક્ષી હોય અને પ્રતિવાસુદેવ અધર્મપક્ષી હોય અને એ બંનેને અવશ્ય ધર્મયુદ્ધ થાય. એ ત્રણેયના જીવનના ઈતિહાસ, કથાઓ, પુરાણ વગેરે જગતના જીવો માટે રચાય.

'શ્રી કૃષ્ણ' એ વાસુદેવ કહેવાય અને બળદેવ જે છે, એ 'બલરામ' કહેવાય. રામચંદ્રજી, એ વાસુદેવ ના કહેવાય. રામચંદ્રજી બળરામ કહેવાય. 'લક્ષ્મણ' એ 'વાસુદેવ' કહેવાય અને 'રાવણ' પ્રતિવાસુદેવ કહેવાય. 'કૃષ્ણ ભગવાન' વાસુદેવ છે અને 'જરાસંઘ' પ્રતિવાસુદેવ છે. 'પ્રતિવાસુદેવ' આસપાસના રાજાઓને હરાવી, એમની બધી રાજય-લક્ષ્મી ભેગી કરી, હરાવેલા રાજાઓને બંદીવાન બનાવે, જયારે 'વાસુદેવ', એ 'પ્રતિવાસુદેવ'ને હરાવી, આ બંદીવાન રાજાઓને મુક્ત કરી, એમને એમનું રાજય પાછું અપાવે - એવું કુદરતી ક્રમે થાય.

### છેલ્લા વાસુદેવ શ્રી કૃષ્ણ ભગવાન

આ કાળચક્રના નવમા વાસુદેવ શ્રી કૃષ્ણ ભગવાન છે. દાદા ભગવાન કહે છે કે, આત્મયોગેશ્વર શ્રી કૃષ્ણ ભગવાન, એ વાસુદેવ નારાયણ ભગવાન છે; એમનો ત્રેસઠ શલાકા પુરુષોમાં સમાવેશ થાય છે, એટલે તેઓ વંદનીય અને પૂજનીય છે.

'શ્રી કૃષ્ણ ભગવાન' એ, બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના, કાકાના દીકરા થતા હતા, અને કહેવાય છે

કે, તેમની કૃપા-દર્શન અને વંદનથી, તેમણે 'તીર્થંકર' નામ ગોત્રનું ઉપાર્જન કર્યું હતું. શ્રી કૃષ્ણ ભગવાન ભરતક્ષેત્રે, આવતી ચોવીસીમાં, 'શ્રી અમમ સ્વામી'ના નામે, બારમા તીર્થંકર ભગવાન થવાના છે, એવા વિધાન છે. તેથી તેઓ પૂજનીય ગણાય. ''ૐ નમો ભગવતે વાસુદેવાય.....'' આખા બ્રહ્માંડમાં જેટલા વાસુદેવ પદ પ્રાપ્ત થઈ વિચરી રહેલ છે તે સૌને અમારા નમસ્કાર.

**શ્રી કૃષ્ણ ભગવાનને નમસ્કાર પહોંચે**

આ કાળના વાસુદેવ કોણ? - તો કહે કે, 'કૃષ્ણ ભગવાન' આ કાળના વાસુદેવ છે. એટલે 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રમાં કરેલા નમસ્કાર, 'કૃષ્ણ ભગવાન'ને પહોંચે છે. આ ઉપરાંત આપણે કરેલા 'નમસ્કાર', એમના શાસન દેવ-દેવીઓ હોય, એમને પણ પહોંચી જાય. એટલે એમનાં શાસન દેવ-દેવીઆનો 'રાજીપો' પણ આપણને મળ્યા કરે.

## (૩). 'ૐ નમઃ શિવાય મંત્ર'ની સમજ :

**'શિવ' શબ્દ સુખ, શાંતિ, આનંદ અને મોક્ષ શબ્દનો વાચક**

''ૐ નમઃ શિવાય'' મંત્રનો અર્થ, સ્વયં તે શબ્દમાં સમાયેલો છે. આ 'મંત્ર'ને, એના સાચા અર્થમાં સમજવો જરૂરી છે. **ૐ નમઃ શિવાય** બોલતી વખતે, આપણા 'ચિત્ત'માં કલ્યાણકારી 'શિવ'નું સ્વરૂપ, આપણા હૃદયમાં ચિત્રિત થવું જોઈએ. આ વિશ્વમાં જે કંઈ પણ કલ્યાણકારી છે, તે બધું 'શિવ'નું દ્યોતક - સૂચક છે. 'શિવ' એ શબ્દ તો, પરમ કલ્યાણ શબ્દનો વાચક શબ્દ છે.

**કલ્યાણ સ્વરૂપ થયેલા 'શિવ' કહેવાય**

આ દુનિયામાં જે કલ્યાણ સ્વરૂપ થયેલા હોય, જેમનો 'અહંકાર' જતો રહેલો હોય, એ બધા 'શિવ' કહેવાય. 'શિવ' તો પોતે કલ્યાણ સ્વરૂપ જ છે. એટલે જે પોતે કલ્યાણ સ્વરૂપ થયા છે અને બીજાઓને કલ્યાણનો માર્ગ બતાવે છે, **તેઓ સાક્ષાત્ કલ્યાણ સ્વરૂપ 'શિવ' છે**. આવા કલ્યાણ સ્વરૂપ 'શિવ'ને, અમે નમસ્કાર કરીએ છીએ.

'કલ્યાણ સ્વરૂપ' કોને કહેવાય? જેઓને 'મોક્ષ-સુખ' અહર્નિશ પ્રાપ્ત હોય, તેઓ કલ્યાણ સ્વરૂપ કહેવાય.

### 'શિવ' એટલે પરમ કલ્યાણકારી પુરુષ

**'ૐ નમઃ શિવાય'** મંત્રમાં ઉલ્લેખિત 'શિવ', એટલે પરમ કલ્યાણકારી પુરુષ, જેઓ જીવમાંથી 'શિવ' થયા છે, જેમણે પોતાના શરીરની અંદર રહેલા 'પરમાત્મા'ને પ્રગટ કર્યા છે અને જેઓ 'કલ્યાણ સ્વરૂપ' થયા છે અને બીજાઓને પણ 'કલ્યાણ સ્વરૂપ' કરવાનું સામર્થ્ય ધરાવે છે, તેવા **સદ્‌ગુણોના ભંડાર એવા 'શિવ', જેઓ 'દૃષ્ટિ' આપવાનું સામર્થ્ય ધરાવે છે અને બીજાઓને પણ એ જ માર્ગે ચલાવવાનું સામર્થ્ય ધરાવે છે, 'તેઓને' 'શિવ' કહેવાય.** એમાં કોઈ નામ સાથે નિસ્બત નથી, પણ આવા સદ્‌ગુણોના ભંડાર સ્વરૂપ-એમને 'શિવ' કહેવામાં આવે છે. શિવ એ કોઈ વ્યક્તિગત નામ નથી, પણ 'શિવ'એ સદ્‌ગુણોના ભંડાર છે અને 'દૃષ્ટિ' બદલવાનું સામર્થ્ય ધરાવે છે, એવા ''જ્ઞાની-પુરુષ''ને અમારા નમસ્કાર છે.

### આ મંત્રના અનુસંધાનમાં દાદા ભગવાનનો દૃષ્ટિકોણ

**'ૐ નમઃ શિવાય'** મંત્રના અનુસંધાનમાં સંપૂજય દાદા ભગવાન કહે છે કે, શાથી, **'ત્રિશૂળ છતાં યે જગત-ઝેર પીનારો, શંકર પણ હું જ ને નીલકંઠ હું જ છું'** એવું કહ્યું ? તો કહે કે, કોઈ 'ગાળ' ભાંડે કે કોઈ 'અપમાન' કરે, તો 'આ' બધુ જ 'ઝેર' તમે સમભાવથી પી જાવ અને ઉપરથી 'અપમાન' કરનારાઓ વગેરે વગેરેને અંતરના ઊંડાણથી, 'આ બધાનું કલ્યાણ થાઓ' એવા 'આશીર્વાદ' આપો તો, તમે પણ 'શંકર' થઈ જાઓ. અલબત્ત આ કળિકાળમાં, દુષમકાળમાં એમનેમ સહેલાઈથી 'સમભાવ' રહી શકે નહીં, પણ એમને બધાને 'આશીર્વાદ' આપીએ ત્યારે સમભાવ આવે.

## (૪). ''સચ્ચિદાનંદ'' – ''જય સચ્ચિદાનંદ'' :

**સત્ +ચિત્+આનંદ=સચ્ચિદાનંદ.**

'સત્' એટલે 'શાશ્વત્' – 'Permanent' – 'અવિનાશી'.

ત્રણે કાળમાં જેનો 'બાધ' ન થાય તે 'સત્' છે અને તે પોતાનું 'નિજ સ્વરૂપ' છે.

જેમનું 'ચિત્ત', પોતાના ''આત્મામાં'' નિરંતર રહે છે, એ 'સચ્ચિદાનંદ સ્વરૂપી' કહેવાય. આ 'સચ્ચિદાનંદ' શબ્દ, બધા ભગવાનનું ભેગું નામ છે.

'સચ્ચિદાનંદ' એ તો ચોવીસ તીર્થંકર ભગવંતોનું આંતરિક સ્વરૂપ છે.

'સચ્ચિદાનંદ', એ આપણું 'મૂળ સ્વરૂપ' છે. 'પોતાનું સ્વરૂપ' જે છે, એનું નામ જ 'સચ્ચિદાનંદ'.

જેનું 'ચિત્ત' સહેજ પણ ભટકે નહીં, આઘુંપાછું થાય નહીં, ગાળ દે તોયે ભટકે નહીં, માર મારે તોય ભટકે નહીં. દુનિયાની કોઈ અસર 'ચિત્ત'ને થાય નહીં, એ 'સચ્ચિદાનંદ દશા' કહેવાય.

'ભગવાન'નું નામ શું છે ? – ભગવાનનું નામ સત્-ચિત્-આનંદ = સચ્ચિદાનંદ છે. એ કોઈ વ્યક્તિ સૂચક નથી, પણ સ્વરૂપસૂચક છે.

જ્યારે સત્ સ્વરૂપી વ્યક્તિઓ પરસ્પર મળે, ત્યારે પરસ્પર **'જય સચ્ચિદાનંદ'** કહીને, 'સત્ સ્વરૂપ ભાવે' એકબીજાને નમસ્કાર કરે છે.

'આનંદ' બહારની કોઈ પણ વસ્તુમાંથી પ્રાપ્ત થતો નથી, પરંતુ તે 'સચ્ચિદાનંદ સ્વરૂપ'ના, 'State of Being'ના 'ફળ' સ્વરૂપે છે, તે સિવાય જે હોય છે, તે સંતોષ સ્વરૂપે હોય છે, આનંદ સ્વરૂપે નહિ.

૨

# : શુદ્ધાત્મા પ્રત્યે પ્રાર્થના :

(રોજ એક વાર વાંચવી)

હે અંતર્યામી પરમાત્મા !
આપ દરેક જીવમાત્રમાં બિરાજમાન છો,
તેમજ મારામાં પણ બિરાજેલા છો.
આપનું સ્વરૂપ તે જ મારું સ્વરૂપ છે.
મારું સ્વરૂપ શુદ્ધાત્મા છે.
હે શુદ્ધાત્મા ભગવાન !
હું આપને અભેદ ભાવે
અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
અજ્ઞાનતાએ કરીને મેં જે જે દોષો* કર્યા છે,
તે સર્વે દોષોને આપની સમક્ષ જાહેર કરું છું.
તેનો હૃદયપૂર્વક ખૂબ પસ્તાવો કરું છું.
અને આપની પાસે ક્ષમા પ્રાર્થું છું.
હે પ્રભુ ! મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો
અને ફરી એવા દોષો ક્યારેય પણ ના કરું એવી આપ મને શક્તિ આપો.
હે શુદ્ધાત્મા ભગવાન !
આપ એવી કૃપા કરો કે અમને ભેદભાવ છૂટી જાય
અને અભેદ-સ્વરૂપ પ્રાપ્ત થાય.
અમે તમારામાં અભેદ સ્વરૂપે તન્મયાકાર રહીએ.
* (જે દોષ થયા હોય તે મનમાં જાહેર કરવા.)

## શુદ્ધાત્મા પ્રત્યેની પ્રાર્થનાનો મહિમા

આખા જગતના તમામ 'ધર્મ-માર્ગો', તમામ 'સાધનાઓ'નો મૂળભૂત 'હેતુ' એ છે કે, વાસ્તવિક સ્વરૂપે 'ભગવાન'ને ઓળખવા, 'ભગવાન'ને પામવા, હકીકતમાં 'ભગવાન' શું હશે? ભગવાન કેવા હશે? 'એ સનાતન ગૂંચનો ઉકેલ લાવવો તથા 'મુક્તિ'નો યથાર્થ માર્ગ પામવો, એ તમામ 'સાધનાઓ'નો મૂળભૂત 'હેતુ' છે.

મંદિરોમાં, દેરાસરોમાં વગેરે સ્થાનકોમાં જઈને, ત્યાં પ્રતિષ્ઠિત મૂર્તિનું પૂજન, અર્ચન વગેરે કરવું અર્થાત્ 'મૂર્તિ પૂજા' એ ભગવાનની પરોક્ષ ભક્તિ છે. જ્યાં સુધી 'અમૂર્ત'નું ઓળખાણ થયું નથી, ત્યાં સુધી મૂર્તિપૂજા જરૂરી છે. દાદા ભગવાન કહે છે કે, 'મૂર્તિપૂજા હિન્દુસ્તાનનું મોટામાં મોટું 'સાયન્સ' છે !' જો કે આગળ જતાં છેવટે તો, 'અમૂર્ત'ને ઓળખવા જ પડશે અને 'અમૂર્ત'ને ઓળખ્યા પછી જ, 'પ્રત્યક્ષ ભક્તિ' થઈ શકે અને તે જ મોક્ષનું કારણ બની શકે.

આ 'અમૂર્ત ભગવાન', એ ખરેખર આપણી પોતાની અંદર બિરાજેલા છે ! જ્યારે તેનું યથાર્થ ઓળખાણ, અને તેનું એક્ઝેક્ટ અનુસંધાન થાય, ત્યારે યથાર્થ 'મોક્ષમાર્ગ'ની શરૂઆત થાય !

આ 'મોક્ષમાર્ગ' પામવા માટે, "જ્ઞાનીપુરુષે" આ સંક્ષિપ્ત પ્રાર્થના આપી છે કે, જેમાં, પોતાની અંદર રહેલા 'શુદ્ધાત્મા ભગવાન'ને જ પ્રાર્થના કરવામાં આવેલ છે.

કોઈ પણ મંદિર કે દેરાસરમાં 'મૂર્તિ'નાં દર્શન કરતી વખતે પણ, આ રીતે 'પ્રાર્થના' કરવી જોઈએ કે – "હે પ્રભુ, આપ મૂળ સ્વરૂપે મારામાં જ બિરાજેલા છો. આપનું જે મૂળ સ્વરૂપ છે, તેવું જ મારું મૂળ સ્વરૂપ છે. મારું મૂળ સ્વરૂપ તે શુદ્ધાત્મા-સ્વરૂપ છે. આપ એવી કૃપા કરો કે, મને મારા 'મૂળ સ્વરૂપ'નો ('શુદ્ધાત્મા ભગવાન'નો) અનુભવ થાય".

અત્યાર સુધી પ્રબોધેલ તમામ 'પ્રાર્થનાઓ'માં, આ એક એવી અપૂર્વ અને અનુપમ 'પ્રાર્થના' છે કે, જે 'પ્રાર્થના'માં, સૌ પ્રથમવાર, સરળ ભાષામાં 'ભગવાનનું યથાર્થ સ્વરૂપ' અને 'ભગવાનનું યથાર્થ સરનામું' સમાયેલું છે. એટલું જ નહીં પણ, એમાં અગાઉ અજ્ઞાનવશ થયેલી 'ભૂલો-દોષો' ધોવાની ('પ્રક્ષાલન' કરવાની) સરળ રીત પણ બતાવેલી છે. તેથી ભૂલોથી ઢંકાયેલા અંદરના 'ભગવાન'ને પ્રગટ થવાનો અવકાશ મળે છે.

આ ઉપરાંત, આ 'પ્રાર્થના'માં 'હૃદયપૂર્વકના પસ્તાવા' દ્વારા 'આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન'નું હાર્દ જણાવીને, આ ઉપરાંત 'શુદ્ધાત્મા ભગવાન' પાસેથી 'શક્તિ' માગવાની પ્રાર્થના કરીને, 'સાચો સ્વતંત્ર માર્ગ' – યથાર્થ 'ભાવ પુરુષાર્થ', 'વ્યવહાર પુરુષાર્થ' ('રિલેટિવ પુરુષાર્થ') અહીં પ્રબોધ્યો છે, એટલું જ નહીં, પણ અંતમાં

'અભેદ સ્વરૂપે તન્મયાકાર રહીએ' – એવી પ્રાર્થના કરીને, તમામ શાસ્ત્રોનો સકળ 'જ્ઞાનાર્ક' સમાવી દીધો છે. અર્થાત્ અહીં યથાર્થ 'તત્ત્વદૃષ્ટિ' પ્રબોધેલ છે.

'એકત્વભાવ' અને કોઈ પણ પ્રકારના સંસારી ઘાટ વિનાનો 'શુદ્ધ પ્રેમ' હોય તો ભગવાનની કૃપા થાય. 'શુદ્ધ પ્રેમ' વિના 'એકત્વભાવ'ની પરીક્ષા (Test) થાય નહિ. (બધામાં જ, જીવ માત્રમાં હું છું.) અર્થાત્ 'એકત્વભાવ' અભેદતાને પામેલો હોવો જોઈએ. એટલે તો 'શુદ્ધાત્મા ભગવાન'ને પ્રાર્થના કરવામાં આવે છે કે, વ્યક્તિ-વ્યકિત પ્રત્યેનો 'ભેદભાવ' છૂટી જાય અને 'અભેદતા' પ્રાપ્ત થાય. ત્યારે જ પૂર્ણવિરામ આવે.

'હું શુદ્ધાત્મા છું' અને 'શુદ્ધાત્મા' બધે – જીવમાત્રમાં છે. આ રીતે 'શુદ્ધાત્માનાં દર્શન' કરતાં કરતાં, બધે જ – જીવમાત્રમાં 'હું' નાં દર્શન કરતાં કરતાં 'પ્રેમસ્વરૂપ' થવાય.

'પ્રેમસ્વરૂપ' થવા માટે 'પોતાપણું' જવું જોઈએ. જ્યાં જ્યાં કંઈ પણ 'અસર' થાય છે, ત્યાં ત્યાં 'પોતાપણું' હજુ છે, તેવું સમજવું જોઈએ.

## શુદ્ધાત્મા ભગવાન ક્યાં વસે છે?

'શુદ્ધાત્મા પ્રત્યે પ્રાર્થના'માં ભગવાનનું સાચું અને વાસ્તવિક સરનામું (Real and Right Address of God) આપેલું છે.

દાદાશ્રીએ કહ્યું કે God is in Every Creature, whether visible or invisible, but not in creations i.e. not in Man-made Things.

'ચર્મ-ચક્ષુ'થી જોઈ શકાય તેવા અને 'ચર્મ-ચક્ષુ'થી ના જોઈ શકાય એવા, તમામ પ્રકારના પ્રત્યક્ષ જીવમાત્રમાં, 'ભગવાન' ('દર અસલ આત્મા', 'શુદ્ધાત્મા') બિરાજમાન છે. પણ માનવ રચિત અચેતન જડ – ચીજ-વસ્તુઓમાં, 'શુદ્ધાત્મા ભગવાન' બિરાજમાન નથી. વળી 'શુદ્ધાત્મા ભગવાન' સનાતન સુખ સ્વરૂપ, પરમાનંદ સ્વરૂપી છે. હવે, આ કાળમાં, લગભગ આખું જગત જડ ચીજ-વસ્તુઓને પ્રાપ્ત કરવા પાછળ પડ્યું છે, પણ જડ ચીજ-વસ્તુઓમાં સ્વભાવથી સુખ રહેલું નથી, એટલે એની પાછળ પડેલ અર્થાત્ એની ભાવના-ઈચ્છાઓ કરનાર વ્યક્તિને, કઈ રીતે 'વાસ્તવિક – સનાતન સુખ' મળે? ઊલટાનું આની સ્પર્ધાને કારણે, એકબીજા પ્રત્યે 'રાગ-દ્વેષ', 'ક્લેશ-કંકાસ', 'ખેંચ-તાણ', 'અજંપો-કઢાપો', 'આકુળતા-વ્યાકુળતા' આદિ કલુષિત ભાવો, આર્તધ્યાન, રૌદ્રધ્યાન અને કષાયો

(ક્રોધ, માન, માયા, લોભ) ઉદ્‌ભવે છે, જે વ્યક્તિને બધી રીતે દુઃખી દુઃખી, અતિ દુઃખી કરે છે !!

પણ, 'ભગવાન' (નિજ-સ્વભાવ સ્વરૂપ એવા શુદ્ધાત્મા), 'સ્વભાવે સુખ-સ્વરૂપ', 'પરમાનંદી' હોવાથી, એમનામાં 'ચિત્ત' પરોવવાથી, અર્થાત્ સ્વ-આત્મ ભક્તિથી, ''જ્ઞાનીપુરુષ''ની કૃપાથી, પોતાનું સ્વરૂપ, જે સર્વાંગ 'શુદ્ધ', 'સંપૂર્ણ', 'સ્વાધીન', 'સર્વોચ્ચ', 'નિરાવલંબ સ્વતંત્ર' અને 'સનાતન સહજ સુખ' (Easy, Effortless Real – Eternal Happiness) છે, તે અનુભવાય છે.

''જ્ઞાનીપુરુષે'', 'ભગવાન'ના યથાર્થ સ્વરૂપ વિશે કહ્યું કે, 'ભગવાન' (દર અસલ આત્મા, શુદ્ધાત્મા), પોતાનું નિજ 'સ્વ-સ્વરૂપ' છે. 'એ' પોતાથી ભિન્ન નથી અને 'જ્ઞાતા-દૃષ્ટા પરમાનંદ' સ્વરૂપી છે. 'તે' 'અરૂપી', 'અમૂર્ત', 'અક્ષય', 'નિરંજન', 'નિરાકાર', 'અનંત જ્ઞાન', 'અનંત દર્શન', 'અનંત સુખ', 'અનંત શક્તિ'નું ધામ છે.

## અભેદભાવ

'શુદ્ધાત્મા ભગવાન' નિષ્પક્ષપાતી છે, ભેદભાવ વિનાના અભેદ સ્વભાવી છે. શુદ્ધાત્મા ભગવાન જીવમાત્રમાં 'અભેદભાવે' રહેલા છે, એટલે 'પ્રાર્થના' પણ 'અભેદભાવે' જ કરવી ઘટે.

'હું દેહ છું' તે ભેદભાવ છે; 'હું આત્મા છું' – એ 'અભેદતા' છે. આવી અભેદ પ્રાર્થના કરવાથી, તેનું ફળ ખૂબ ઊંચું આવે છે. 'આત્મ સાક્ષાત્કાર' માટે, ભક્ત અને ભગવાનનો ભેદ પણ ના હોવો ઘટે – હું અને તું જુદા ના ચાલે ! સ્વરૂપે કરીને બંને એક જ છે, એક સ્વભાવી છે.

## નિષ્પક્ષપાતી પ્રાર્થના

આ 'પ્રાર્થના' સંપૂર્ણ નિષ્પક્ષપાતી, પોતાનું 'ભગવદ્-સ્વરૂપ' પ્રગટાવનારી, 'ભગવદ્ દૃષ્ટિ' પ્રદાન કરાવનારી, વૈશ્વિક, સાર્વભૌમિક (Universal) પ્રાર્થના છે. આ 'પ્રાર્થના' સર્વત્ર, સર્વ દેશ-કાળમાં એકસરખી યથાર્થ પરિણામ પ્રગટાવનારી પ્રાર્થના છે.

પ્રત્યેક સાધક, સ્વાધ્યાયી, ચિંતક, જિજ્ઞાસુ, મોક્ષાર્થી અને સામાન્યમાં સામાન્ય માનવથી માંડીને તમામ વ્યક્તિઓએ, 'આ' અપનાવવા જેવી કલ્યાણપ્રદ પ્રાર્થના છે.

બાલમંદિરો, શાળાઓ, મહાશાળાઓ અને તમામ શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક તથા માનવ મૂલ્ય સંરક્ષક અને

સંવર્ધક તમામ સંસ્થાઓમાં, આ પ્રાર્થનાને યોગ્ય સ્થાન આપવાથી તથા પ્રત્યેક ઘેર એનું યથોચિત સાદર સ્થાન આપવાથી, 'સ્વ', 'સમાજ' અને 'સમષ્ટિ' અર્થાત્ તમામનું 'શ્રેય' અને 'પ્રેય' અવશ્ય થશે, કારણ કે, આ 'પ્રાર્થનામાં' ''જ્ઞાનીપુરુષ''ના આશીર્વાદ રહેલા છે તથા જગતની તમામ વિદ્યમાન પ્રાર્થનાઓનો સમન્વયિક સારાંશ, ભાવાંશ, ધર્માંશ, જ્ઞાનાંશ, આ એક પ્રાર્થનામાં અવિરોધાભાસપણે સમાવિષ્ટ છે.

## સૌ કોઈની 'સ્વ-પ્રાર્થના'

આ 'શુદ્ધાત્મા પ્રત્યેની પ્રાર્થના', એ સૌ કોઈની પોતાની 'સ્વ-પ્રાર્થના' છે, એટલે એની 'ભજના'થી, સૌ કોઈનું કલ્યાણ થાય છે અને સૌ કોઈને અંદરથી એકસરખી હાર્ટીલી અપીલ - હૃદયસ્પર્શી સ્થાયી અસર થાય છે.

'શુદ્ધાત્મા પ્રત્યેની પ્રાર્થના'માં, પોતાને જ પોતામાં 'એકાકારપણું' થાય છે, એટલે દાદા ભગવાન પ્રબોધિત 'સત્ સાધનો' સ્વરૂપે 'આ' એક એવી અનુપમ 'પ્રાર્થના' છે કે, જેમાં ''શુદ્ધાત્મા ભગવાન''નું યથાર્થ ધ્યાન થાય છે.

આ 'પ્રાર્થના'માં પોતે જ, પોતામાં એકાકાર થાય છે, એટલે અહીં 'ધર્મ-ધ્યાન' અને 'શુક્લ-ધ્યાન' – બંને 'ધ્યાન' સાથે થાય છે.

ભાવના સાથે 'પ્રાર્થના' હશે તો 'ભાવના'માં બળ આવશે.

**॥ જય સચ્ચિદાનંદ ॥**

ૐ

# : નવ કલમો (સર્વાંગી ભાવ-પ્રાર્થના) : ''સર્વ શાસ્ત્ર-સાર''

[ESSENCE OF ALL SCRIPTURES]

(૧) હે દાદા ભગવાન/હે ..........ભગવાન/હે અંતર્યામી પરમાત્મા !(★) મને કોઈ પણ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ્ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. મને કોઈ પણ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ્ ન દુભાય એવી સ્યાદ્‌વાદ વાણી, સ્યાદ્‌વાદ વર્તન અને સ્યાદ્‌વાદ મનન કરવાની પરમ શક્તિ આપો.

(૨) હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.મને કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાવાય એવી સ્યાદ્‌વાદવાણી, સ્યાદ્‌વાદવર્તન અને સ્યાદ્‌વાદ મનન કરવાની પરમ શક્તિ આપો.

(૩) હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી ઉપદેશક, સાધુ, સાધ્વી કે આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરવાની પરમ શક્તિ આપો.

(૪) હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે કિંચિત્‌માત્ર પણ અભાવ, તિરસ્કાર ક્યારેય પણ ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

(૫) હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા સાથે ક્યારેય પણ કઠોર ભાષા, તંતીલી ભાષા ન બોલાય, ન બોલાવાય કે બોલવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. કોઈ કઠોર ભાષા, તંતીલી ભાષા બોલે તો મને મૃદુ, ઋજુ ભાષા બોલવાની શક્તિઓ આપો.

(૬) હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે-સ્ત્રી, પુરુષ અગર નપુસંક-ગમે તે લિંગધારી હોય, તો તેના સંબંધી કિંચિત્‌માત્ર પણ વિષય-વિકાર સંબંધી દોષો, ઈચ્છાઓ, ચેષ્ટાઓ, વિચાર સંબંધી દોષો ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.મને નિરંતર નિર્વિકાર રહેવાની પરમ શક્તિ આપો.

(૭) હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ રસમાં લુબ્ધપણું ન કરાય એવી શક્તિ આપો, સમરસી ખોરાક લેવાય એવી પરમ શક્તિ આપો.

(૮) હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્માનો, પ્રત્યક્ષ અગર પરોક્ષ, જીવંત અગર મૃત્યુ પામેલાઓનો કોઈનો કિંચિત્‌માત્ર પણ અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

(૯) હે અંતર્યામી પરમાત્મા ! મને જગતકલ્યાણ કરવાનું નિમિત્ત બનવાની પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

(★) આટલું તમારે ''અંતર્યામી પરમાત્મા'' પાસે માગવાનું (આપણને જે ભગવાનમાં શ્રદ્ધા હોય તે ભગવાનનું નામ મૂકી શકાય અથવા તો અંતર્યામી પરમાત્મા તરીકે સંબોધી શકાય. આ અંતરમાં રાખવાની ચીજ છે. આ દરરોજ ઉપયોગપૂર્વક ભાવવાની ચીજ છે. આટલા પાઠમાં તમામ શાસ્ત્રોનો સાર આવી જાય છે.

**નવ કલમો (સર્વાંગી ભાવ પ્રાર્થના)નો મહિમા**

જે 'પરમ તત્ત્વ' પ્રત્યેક જીવમાત્રમાં બિરાજમાન છે, જીવમાત્રનું નિજસ્વરૂપ છે, તે 'પરમ તત્ત્વ' ''અક્રમ વિજ્ઞાની જ્ઞાનીપુરુષ'' એ. એમ. પટેલમાં, જેમ છે તેમ પૂર્ણપણે પ્રગટ થયું. જેને મોક્ષાર્થીઓએ ''દાદા ભગવાન'' ના નામે નવાજ્યું.

આ પરમ તત્ત્વનું બીજું નામ 'શુદ્ધાત્મા ભગવાન' છે, જેને ''દાદા ભગવાન''ના નામે, 'નવ કલમો'માં સંબોધવામાં આવ્યું છે. એને જ અહીં અંતર્યામી પરમાત્મા તરીકે સંબોધવામાં આવ્યું છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના આધારે જે અનુભવવામાં આવે છે તે ''દાદા ભગવાન'' છે. એવા જ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ સ્વરૂપે રહેલ ''દાદા ભગવાન'' – ''અંતર્યામી પરમાત્મા'', આપણી મહીં પણ, જીવમાત્રમાં બિરાજેલા છે, અને તે આપણે ''પોતે'' જ છીએ.

અંદર જે ''દાદા ભગવાન''/'અંતર્યામી પરમાત્મા' છે, એમને અનુલક્ષીને 'નવ કલમો' માં પ્રાર્થના કરેલ છે.

દાદા ભગવાન કહે છે, ''આ મારો રોજિંદો એ માલ, તે બહાર મૂક્યો તે છેવટે પબ્લિકનું કલ્યાણ થાય એટલા સારું.'' જે કલમોની આરાધનાથી, શ્રી એ. એમ. પટેલમાં ચૌદ લોકના નાથ ''દાદા ભગવાન'' પ્રગટ્યા, તે આ કલમો છે. તે 'ચિત્તશુદ્ધિ' કરે, 'મૈત્રીભાવ' પ્રસારે, એવાં 'કારણો' 'Causes' સેવાય કે, જેના પરિણામે આત્યંતિક મુક્તિને પોષક પુનર્જન્મ મળે....

આની ભજના, આવતા જન્મનું 'ભાવ-બીજ'નાખે છે. આચાર-વિચાર-ઉચ્ચાર સુધારી, વેરનાં સ્પંદનો રોકે, પ્રેમસ્વરૂપ બનાવે એવું સામાયિક-પ્રતિક્રમણ છે એમાં. વરસાદ તો ના રોકાય, પણ છત્રી કે રેઈનકોટથી ઓછું પલળાય. ઈફેક્ટ (પૂર્વજન્મનાં કર્મોની અસર) રૂપે આ જીવનમાં જે છે તે રહે, પણ તેમાંય દુઃખ-તિરસ્કાર-વેર-વિષય-લોલુપતા-કર્કશતા ઘટતી જાય. જગતના કલ્યાણમાં પોતાનું કલ્યાણ આવી જ ગયું. પ્રકૃતિ પણ પલટાય અને પરમાત્માને પમાય એવા પ્રબળ પ્રતાપથી ભરેલી આ, 'આત્માની હાજરી'માં કરેલી ભાવ-ઉદ્ઘોષણા છે. આ બોલતાં ઉદયાધીન સારાં કે નરસાં કર્મોમાં પોતાનું Endorsement (સહી) ન થવાથી, આશ્રવ(કર્મબંધ) ન થાય, સંવર રહે.

દાદાજી કહે છે કે, ''પાર વગરની અનંતીશક્તિ છે 'દાદા ભગવાન' પાસે, જે માગો એ મળે એવી !... એટલે તમારે

આ શક્તિ માંગ માંગ કરવાની – અંદર શક્તિ જમા થયા કરશે. પછી કામ એની મેળે થશે. બહુ Heartily, Sincerely કરવા જેવી અનેરી, અલૌકિક, અકસીર છે આ ચીજ !''

**: નવ કલમોની વૈજ્ઞાનિક સમજ :**

આ 'નવ કલમો' માં દાદાશ્રીએ તમામ શાસ્ત્રોનો કે તમામ ધર્મોનો સાર આપી દીધો છે ! તેઓશ્રી પોતે પણ નિરંતર એ કલમોની ભાવના ભજતા, જેથી તેમને તેવું 'ચારિત્ર્ય' પ્રાપ્ત થયું. તેમણે આપણને નવ કલમો નિરંતર ભાવના ભાવવા આપી.

આ નવ કલમોનું 'વિજ્ઞાન' અદ્‌ભુત છે.

જગતના લગભગ તમામ ઉપદેશકો કહે છે કે, 'વર્તન સુધારો, સાચું બોલો' વગેરે, પરંતુ આપણા સહુની મૂંઝવણ એ છે કે 'વર્તન સુધારવું છે, પણ વર્તન સુધરતું નથી. ખોટું બોલવું નથી પણ ખોટું બોલાઈ જાય છે, કોઈને દુ:ખ દેવું નથી પણ, દુ:ખ દેવાઈ જાય છે.' ત્યાં જ આત્મ અનુભવી જ્ઞાનીપુરુષે, આ ખુલ્લું કરેલું યથાર્થ 'વિજ્ઞાન' ખાસ જાણવા જેવું છે.

## કાર્ય-કારણ (cause-effect)

આ ભવનાં મન-વચન-કાયા, એ 'ડિસ્ચાર્જ' ('Discharge') થઈ રહેલી 'બેટરીઓ' રૂપે છે, 'ઈફેક્ટ' ('Effect'– 'Result'– 'પરિણામ') રૂપે છે. જેની રચના, ગયા ભવના 'ભાવ-કર્મ' થી થઈ છે. એટલે એ બની ગયા પછી, જેવા 'ભાવ' થી તે બન્યાં છે (બંધાયાં છે), તેવા જ 'ભાવ' થી કુદરતી ક્રમે (દાદાશ્રીની ભાષામાં 'વ્યવસ્થિત શક્તિ' ના આધીન) સ્વતઃ ઉકલ્યા કરવાનાં.

કુદરતી કાનૂન (સિદ્ધાંત) એવો છે કે હવે, આ 'ઈફેક્ટ' અગર 'ડિસ્ચાર્જ' માં અર્થાત્ 'પરિણામ' માં કોઈ ફેરફાર ન થઈ શકે, પરંતુ હવે પછીનાં 'કારણો' માં 'કોઝિઝ' (Causes)માં અર્થાત્ 'ભાવ-કર્મ બીજ' ના 'ચાર્જિંગ'(Charging) માં જરૂરી યોગ્ય ફેરફાર થઈ શકે. બીજા અર્થમાં, 'દ્રવ્ય અર્થાત્ વર્તન' જે 'ડિસ્ચાર્જ' (Discharge) રૂપે છે, તે આપણી સત્તામાં નથી; પરંતુ 'ભાવ' કે જ્યાં નવું 'ચાર્જ' થાય છે, - નવાં 'કર્મ-બીજ' પડે છે, તે આપણી 'સત્તા' માં છે; એટલે 'એને' અર્થાત્ 'ચાર્જિંગ(Charging)ને અભ્યંતર જાગૃતિના આધારે, સહેલાઈથી ફેરવી શકાય એમ છે અને તે જ સાધકનો ખરો 'રિલેટિવ પુરુષાર્થ છે'. (Relative Effrot– 'વ્યવહાર

પુરુષાર્થ') છે. જે માત્ર આ મહામૂલા 'મનુષ્ય-જન્મ' માં જ શક્ય છે; પણ અન્ય કોઈ યોનિમાં શક્ય નથી.

માટે પ્રત્યેક સાધકે, જિજ્ઞાસુએ, મોક્ષાર્થીએ, આત્માર્થીએ, - ટૂંકમાં અભ્યુદય આકાંક્ષી પ્રત્યેક માનવ માત્રએ, આની (કાર્ય-કારણ) યથાતથ ''વૈજ્ઞાનિક સમજ'' કેળવી, યથાર્થ લાભ લઈ લેવો ઘટે; જેથી આ 'મનુષ્યભવ' 'સાર્થક' થાય, 'કૃતકૃત્ય' થાય. ઉપરાંત આગામી ભવ મોક્ષમાર્ગી થાય.

આ ઉપરાંત ''જ્ઞાનીપુરુષ'' કહે છે કે, તમારાથી કોઈ વાર સંજોગોવશાત્, અનિચ્છાએ કોઈ 'દોષ' થઈ ગયો, તો તેનો વાંધો નહીં, પણ તમે એનાં 'આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન' જરૂરથી કરી લો અને ફરીથી આવા દોષો ક્યારેય ન થાય એવી પ્રબળ 'ભાવના ભાવો'.

આ રીતે આ નવ કલમોમાં, આખા વ્યવહારમાં થતા તમામ મુખ્ય દોષો (પોતે દોષ કરવા, બીજા મારફત કરાવવા કે દોષ કરનારની અનુમોદના કરવી) સામેની 'પ્રતિપક્ષી ભાવના' ની ભજના કરેલી છે, જેથી એના પરિણામ સ્વરૂપે સંપૂર્ણ 'શુદ્ધ વ્યવહાર' પ્રાપ્ત થાય.

બીજું, આ પ્રમાણે શક્તિ માંગવાથી, એને અનુરૂપ 'શક્તિઓ' આપોઆપ મળ્યા કરશે, જેનો સંચય થતાં, ધીમે ધીમે તે 'રૂપ' થતા જવાશે, અર્થાત્ તેવું ચારિત્ર્ય (વર્તન) ઉત્પન્ન થશે. હાલમાં તે પ્રમાણે વર્તન કરવા જવાનું નથી, તેમજ એવી આકાંક્ષા કે ઉતાવળ કરવાની પણ જરૂર નથી, કારણ કે ''જ્ઞાની'' એ કહેલા આ માર્ગે ભાવના ભજવાથી, તે અનુરૂપ સરળતાથી સહેલાઈથી અંતરમાં તે પ્રમાણે થયા કરશે !

આની પાછળ ''જ્ઞાનીપુરુષ'' નો જગત્ કલ્યાણનો આશય તથા યથાર્થ 'મુક્તિ-માર્ગ' છૂપાયેલો છે. આખું પરમાણુંનું વિજ્ઞાન અર્થાત્ આખું 'પ્રકૃતિનું વિજ્ઞાન' તથા માનવમાત્રમાં સ્વ હસ્તક રહેલી 'ભાવ-સત્તા'નું 'ગૂઢ સાયન્સ' આમાં સમાયેલું છે, જેની વૈજ્ઞાનિક સમજ થકી, માનવી 'નર'માંથી 'નારાયણ' થઈ શકે છે. માટે આ 'નવ કલમો'ની 'યથાર્થ સમજ' કેળવવી અત્યંત જરૂરી છે.

(૧). **કોઈનો અહં ન દુભાવવા સંબંધી શક્તિ-પ્રાર્થના :**

**હે અંતર્યામી પરમાત્મા ! (દાદા ભગવાન !) મને કોઈ પણ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ્ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. મને કોઈ પણ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ્ ન દુભાય એવી સ્યાદ્‌વાદ વાણી, સ્યાદ્‌વાદ વર્તન અને સ્યાદ્‌વાદ મનન કરવાની પરમ શક્તિ આપો.**

દરેકનું જીવન, એ એનો અહમ્ ('હું પણું') જ છે.

કોઈપણ જીવનું 'અહમ્' દુભાય અને આપણે સુખી થઈએ, તેમ બની શકે નહિ. ઉપરાંત કોઈનો અહમ્ ન દુભાય તે જ રસ્તે મૂળ વસ્તુની પ્રાપ્તિ થાય. એટલે આપણે 'ભાવના' ભાવવાની છે કે 'આપણા નિમિત્તે', કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર પણ 'દુઃખ' ન થાય, અર્થાત્ એનો 'અહંકાર' ભગ્ન ના થાય.

આપણે કોઈને વાતવાતમાં ઉતારી પાડીએ કે, 'બેસો, બેસો, તમને આમાં કંઈ સમજ ના પડે, કે તમને આમાં કશી ખબર ના પડે'.... અથવા 'તમે એકદમ નકામા માણસ છો' અગર એનો તિરસ્કાર વગેરે કરીએ, તો આનાથી એના અંતઃકરણને એકદમ આઘાત લાગે અને એનો 'અહમ્' દુભાય.

કોઈનો 'અહમ્' દુભાય તો, 'તે' આપણા 'મન' થી જુદો પડી જાય, ફરી મનની એકતા થાય નહીં અને અંદરખાને 'વેર' પણ બાંધે, અને 'તે' આપણું શ્રેય ના થવા દે.

વ્યવહારમાં વખતે કોઈને કંઈ 'કહેવું' પણ પડે, કે વઢવુંયે પડે, તો પણ તે સમયે તેની સાથે એવી રીતે કામ લેવું કે તેના 'અહંકાર' પર ઘા ના પડે. એટલે આપણે કલમ એક-બે-ત્રણની એકધારી ભાવના ભજવી, જેથી એમાં આપણી 'સંમતિ' કે 'અભિપ્રાય' નથી, એવું કુદરતમાં નક્કી થાય એટલે આમાં આપણો 'અભિપ્રાય' જુદો પડી ગયો – 'એ' 'ભાવ-સત્તા'ની દૃષ્ટિએ જબરજસ્ત મોટી ઘટના બની ગણાય.

પછી વખતે, કદાચ કોઈનો 'અહમ્' દુભાઈ જાય, તો પણ અંદરખાનેથી 'અભિપ્રાય' થકી આપણે આવા વર્તનથી છૂટા છીએ, તેથી કુદરતને ત્યાં આની નવી જવાબદારી ઊભી થતી અટકી અને જે દુભાઈ ગયું, એ જૂનું પરિણામ આવ્યું. એની માફી માગી લેવી, 'પ્રતિક્રમણ' કરી લેવું.

**સ્યાદ્વાદ**

હવે, આમાં 'સ્યાદ્વાદ' એટલે કે કોઈ ધર્મનું અને કોઈ જીવનું પ્રમાણ કિંચિત્માત્ર પણ ના દુભાય એવી રીતે રહેવું, એવી રીતે બોલવું તે ! એટલે બધા કયા 'ભાવ' થી, કયા 'વ્યૂપોઈન્ટ' (view-point-'દૃષ્ટિ-કોણ')થી કહે છે, તે આપણે જાણવું જોઈએ અને સામાનો 'વ્યૂપોઈન્ટ' સમજીને, એના 'વ્યૂપોઈન્ટ' ને દુઃખ ના થાય-ચોરના 'વ્યૂપોઈન્ટ' ને પણ દુઃખ ના થાય, તે રીતે વ્યવ્હાર કરવો, તેને યથાર્થ ભાષામાં 'સ્યાદ્વાદ' કહેવાય.

(૨). <u>અન્ય ધર્મોના વિનય સંબંધી શક્તિ-પ્રાર્થના :</u>

**હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ ધર્મનું કિંચિત્માત્ર પણ પ્રમાણ ન દુભાય, ન દુભાવાય કે દુભાવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.મને કોઈ પણ ધર્મનું કિંચિત્માત્ર પણ પ્રમાણ ન દુભાવાય એવી સ્યાદ્વાદ વાણી, સ્યાદ્વાદ વર્તન અને સ્યાદ્વાદ મનન કરવાની પરમ શક્તિ આપો.**

કોઈ પણ વ્યક્તિના ધર્મનું પ્રમાણ ન દુભાય કે 'તમે આવા છો કે, તમે તેવા છો' અને છતાંયે દરેકની કેટલી 'ડિગ્રીએ' એ સાચું છે, તેય જાણમાં યથાર્થપણે હોય.

હવે ચોરને 'તું ચોરી કરે છે, તે ખોટું છે, તું નાલાયક છે' વગેરે કહો તો, એનું પ્રમાણ દુભાય. એટલે જરૂર પડે તો રીતસર વાત કરવી જોઈએ કે, ''ભાઈ, તું ચોરી કરે છે, એ તારા વ્યૂપોઈન્ટથી બરાબર છે, પણ તેનું ફળ આવું આવશે, એટલે તને ફાવે તો કરજે અને નહીં તો, આ પ્રમાણે 'પ્રતિક્રમણ' કરજે''.

દરેકની પ્રકૃતિ અને દરેકનો ગુણ-ધર્મ અલગ અલગ હોય, 'સ્યાદ્વાદ વાણી' કોઈની પણ પ્રકૃતિને કે કોઈના પણ ધર્મને કિંચિત્માત્ર પણ હરકત ના કરે !

જેવું વાણીમાં હોય, તેવું જ 'મન'માંય હોય, -એવું હોવું જોઈએ અને આપણા વિચારથી કોઈનું પણ પ્રમાણ ના દુભાય. નહીં તો આપણા વિચાર પણ સામાને પહોંચે. અને એના મનમાં ભેદ પડે, 'મન-ભેદ' થાય.

દરેક ધર્મવાળાને પોતાનું જ સાચું લાગે. હવે દરેક પોતપોતાના 'ડેવલપમેન્ટ' (Development– 'વિકાસ') પ્રમાણે 'સ્ટાન્ડર્ડઝ'માં - 'ધોરણોમાં' છે. પહેલું, બીજું, ત્રીજું, તે ઠેઠ કૉલેજ સુધીના 'ધોરણો' 'વિકાસ-ક્રમ' પ્રમાણે ઉત્તરોત્તર ચઢતા ક્રમે ગોઠવાયેલાં છે.

એટલે હકીકત, આ પ્રમાણે હોવાથી, 'કૉલેજ' વાળો, પહેલા-બીજા ધોરણવાળાને ખોટા ના કહી શકે.

દરેક, પોતપોતાના 'સ્ટાન્ડર્ડ' પ્રમાણે 'કરેક્ટ' છે ! એટલે બધા ધર્મો, પોતપોતાના વ્યૂપોઈન્ટ અનુસાર સાચા કહેવાય, પણ સરખા ના કહી શકાય. કોઈ બસો 'ડિગ્રીએ', કોઈ અઢીસો 'ડિગ્રીએ', કોઈ સાડી ત્રણસો 'ડિગ્રીએ', વગેરે વગેરે પ્રમાણે રહેલા છે. અલબત્ત કેન્દ્રમાં રહેલાને (દા.ત., ''જ્ઞાનીપુરુષ''ને) બધી 'ડિગ્રી'ઓ યથાર્થપણે સમજાય કે, કોનું કેટલી 'ડિગ્રી'એ સાચું છે, તેથી ''જ્ઞાની''ને કોઈની જોડે ક્યારેય મતભેદ ના પડે.

(૩). **ધર્મોપદેશકો પ્રત્યે વિનય સંબંધી શક્તિ-પ્રાર્થના :**

**હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી ઉપદેશક, સાધુ, સાધ્વી કે આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરવાની પરમ શક્તિ આપો.**

'અવર્ણવાદ' એટલે જેમ છે એમ નહીં, પણ ઊલટું બોલવું, ઊંધું બોલવું, ઊંધું જ ચીતરવું. કોઈ માણસમાં અમુક ચીજ સારી હોય, અમુક નબળી પણ હોય ! પણ એના વિશે 'બધું જ ઊંધું બોલવું' તે 'અવર્ણવાદ કહેવાય'.

પણ 'જેમ છે તેમ' કહીએ, તો એ અવર્ણવાદ ન કહેવાય. 'આવી બાબતમાં જરા એવા, પણ આ બીજી બાબતમાં બહુ સારા'—એ રીતે વાત રજૂ કરવી ઘટે.

દાદાશ્રી કહે છે કે 'અવર્ણવાદ' થયા પછી, એનું જો તરત યોગ્ય 'પ્રતિક્રમણ' કરી લે, તો એને વાંધો આવે નહિ. એનું ચોખ્ખું થઈ જાય. રેગ્યુલર થઈ જાય.

'વિરાધના' એટલે પદ્ધતિસર સામે થાય, એને વિરાધના કહેવાય. આવી વિરાધના કરતો હોય તો તે નીચે ઊતરે; જ્યારે અપરાધવાળો તો પોતે આગળ વધે નહીં અને કોઈને આગળ વધવા દે નહીં, એ 'અપરાધી' કહેવાય.

અને 'અવિનય' એટલે કે આમાં મારે કંઈ લેવા દેવા નહિ. 'વિનય' ના કરે, એનું નામ અવિનય.

''જ્ઞાની'' કહે છે કે 'પરમ વિનય'થી 'મોક્ષ' છે. અર્થાત્ આત્મિક સનાતન સુખની—પરમાનંદની પ્રાપ્તિ છે.

(૪). <u>અભાવ-તિરસ્કાર ન કરવા સંબંધી શક્તિ-પ્રાર્થના :</u>

**હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે કિંચિત્માત્ર પણ અભાવ, તિરસ્કાર ક્યારેય પણ ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.**

કોઈને માટે 'અભાવ' થાય, 'તિરસ્કાર' થાય, તો આપણે અંદર આનો ખૂબ ખૂબ 'પસ્તાવો' કરવો જોઈએ અને 'પ્રતિજ્ઞા' લેવી જોઈએ કે, કોઈ પણ સંજોગોમાં ફરીથી 'આવું ન જ થવું જોઈએ'.

કોઈને માટે કિંચિત્માત્ર પણ તિરસ્કાર હોય ત્યાં સુધી 'વીતરાગ' ના થવાય અને 'મોક્ષ' માટે – આત્યંતિક કલ્યાણ માટે, 'વીતરાગતા' અનિવાર્ય છે.

(૫). <u>વાણી સંબંધી શક્તિ-પ્રાર્થના :</u>

**હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા સાથે ક્યારેય પણ કઠોર ભાષા, તંતીલી ભાષા ન બોલાય, ન બોલાવાય કે બોલવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. કોઈ કઠોર ભાષા, તંતીલી ભાષા બોલે તો મને મૃદુ, ઋજુ ભાષા બોલવાની શક્તિઓ આપો.**

'કઠોર ભાષા' સાંભળતાં જ સામાવાળાનું હૃદય સ્તંભિત થઈ જાય. 'તું નાલાયક છે, તું બદમાશ છે, તું ચોર છે' એવી 'કઠોર ભાષા' કોઈપણ જીવને જરાકે પ્રિય ના લાગે.

'તંતીલી ભાષા' એટલે (સ્પર્ધામાં) તંતે ચઢે - 'એને તો આવડતું જ નથી. આ તો મારે લીધે થયું'. તે આ 'કઠોર ભાષા' અને 'તંતીલી ભાષા'માં, ભાષાના બધા જ દોષો આવી જાય છે !

એટલે જો આવી કઠોર ભાષા કે તંતીલી ભાષા અનિચ્છાએ કવચિત્ પણ બોલાઈ જાય, તો તત્ક્ષણ માફી માગી લેવી જોઈએ અને આપણા પ્રત્યે કોઈ આવી ભાષા બોલે તો, એની સામે આપણે 'ઋજુભાષા' અને 'મૃદુભાષા' બોલવી જોઈએ અને આવી ભાષા બોલી શકાય એ માટે ''અંતર્યામી પરમાત્મા(દાદા ભગવાન)'' પાસે લઘુભાવે પ્રાર્થના કરી શક્તિ માગવી જોઈએ.

'ઋજુભાષા' એટલે એકદમ 'સરળ ભાષા' હોય; એમાં 'વક્રતા', વ્યંગ, ટૉન્ટ(ટોણો) કે એવું કંઈ પણ ન હોય અને 'મૃદુભાષા' એટલે એકદમ નમ્રતાવાળી ભાષા. અત્યંત નમ્રતાવાળી ભાષા હોય, તે 'મૃદુભાષા' કહેવાય.

''જ્ઞાનીપુરુષ''નું કહેવું છે કે આ કાળમાં વાણી સચવાય તો, બધાં જ મહાવ્રત સચવાઈ જાય. આ કાળમાં વાણીથી જ બંધન છે, તેથી આ કલમની ભાવના ખાસ ભાવવા યોગ્ય છે.

વાણી વડે માણસની ઓળખ થાય છે. વાણી એ વિકાસ-કક્ષાનો માપ-દંડ છે. ''જ્ઞાનીપુરુષ'' એમની 'વીતરાગ વાણી'થી પરખાય છે.

**વાણી ફેરવવાના ભાવ**

માણસના હાથમાં 'ભાવ-સત્તા' છે અને એ એનો 'રિલેટિવ ('વ્યવહાર') પુરુષાર્થ' છે એટલે એવા 'ભાવ' ભજવા જોઈએ કે, ક્યારેય પણ કઠોર ભાષા, તંતીલી ભાષા, આક્રમક ભાષા ના બોલાય, ના બોલાવાય કે બોલવા પ્રત્યે ના અનુમોદાય.

સૌને સુખદાયી થાય, પ્રિયકર થાય, ઉપકારક થાય એવી વાણી બોલવાનો 'ભાવ ભજવા' થી, 'અંદરથી વાણી ફરે' અને અંદરથી વાણી સુધરવાની શરૂઆત થાય.

અંદરના 'કોડવર્ડ'ને આધારે વાણીરૂપી 'ટેપરેકર્ડ' બહાર નીકળે છે. વાણી ફેરવવા માટે, અંદરના 'કોડવર્ડ' ફેરવવા પડે. કોઈની અથડામણમાં આવવું નથી; કોઈના દોષ જોવા નથી; કોઈ જીવનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાય; બન્યું એ જ ન્યાય; Positive Thinking, Positive Speaking, Positive Writing, જગત્ કલ્યાણમાં 'નિમિત્ત' બનવાના ભાવ, સ્યાદ્‌વાદવાણી, સાહજિક નિષ્પક્ષપાતી વીતરાગ વાણી, હિત-મિત-પ્રિય-સત્ય વાણી અને જીવમાત્રનું કઈ રીતે કલ્યાણ થાય એવા 'ભાવ' થકી, અંદરના 'કોડવર્ડ' બદલવાથી, વાણી મધુર અને કલ્યાણકારી બની શકે.

(૬). <u>બ્રહ્મચર્ય સંબંધી શક્તિ-પ્રાર્થના :</u>

**હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્મા પ્રત્યે-સ્ત્રી, પુરુષ અગર નપુસંક-ગમે તે લિંગધારી હોય, તો તેના સંબંધી કિંચિત્‌માત્ર પણ વિષય-વિકાર સંબંધી દોષો, ઈચ્છાઓ, ચેષ્ટાઓ, વિચાર સંબંધી દોષો ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.મને નિરંતર નિર્વિકાર રહેવાની પરમ શક્તિ આપો.**

'પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુસંક વેદ' થી 'પર' થવા માટેનું તથા વ્યવહારમાં મોક્ષ-માર્ગમાં નવમું ગુઠાણું ઓળંગી આગળના ગુણસ્થાનકોએ આરોહણ કરવાનું સૂક્ષ્મ સામર્થ્ય, આ દ્દ્દી કલમમાં છૂપાયેલું છે, જે આ કાળના પરિપ્રેક્ષ્યમાં અદ્ભુત કહેવાય.

આમ તો નવ કલમોની નિષ્ઠાપૂર્વકની ભજના થકી, વ્યવહારમાં 'જ્ઞાનમય' 'પ્રકૃતિનું બંધારણ' (formation) થાય છે, જે અતિ અતિ હિતકારી છે.

**સર્વ મહાવ્રત તૂટે**

સ્ત્રી વિષય અને પુરુષવિષયને કારણે આખો સંસાર ઊભો રહ્યો છે. સ્ત્રીએ પુરુષમાં અને પુરૂષે સ્ત્રીમાં સુખ છે – એવી વિષય –સેવનની અનાદિથી ચાલી આવતી ભ્રાંત લોક-માન્યતાને કારણે, - 'એવી ભ્રાંતિની ભ્રાંતિ'ને કારણે, ઈંદ્રિજન્ય વિષય-સેવનમાં સુખ છે, એવી કલ્પિત અવિચારક ભ્રાંત આવરણયુક્ત મિથ્યાદષ્ટિથી, પરવશ બંધનરૂપ દુઃખ જન્ય સંસાર ઊભો રહ્યો છે.

સ્ત્રી, પુરુષના અબ્રહ્મચર્યમાં, અનંત જીવોની હિંસા થાય છે. જો 'તે' અબ્રહ્મચર્યમાં રહેલી હિંસાનું વર્ણન જ્ઞાનીપુરુષો પાસેથી સાંભળે, તો એ સાંભળતાં જ માણસ મરી જાય એટલી ભયંકર હિંસા તેમાં રહેલી છે.

જો પુરુષને સ્ત્રીમાં કે સ્ત્રીને પુરુષમાં આસક્તિ થાય, તો ત્યાંથી બધાં જ મહાવ્રત(સત્ય, અહિંસા, અચૌર્ય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય) તૂટે છે.

'બ્રહ્મચર્ય' મન, વચન, કાયાથી હોવું ઘટે. 'એક પ્રતિવ્રત' કે 'એક પત્નીવ્રત' પણ મન, વચન, કાયાથી હોવું ઘટે. 'મન' પણ બગડવું ના જોઈએ, મન બગડે તો, એનું તત્ક્ષણ પ્રતિક્રમણ કરવું જોઈએ.

'અબ્રહ્મચર્ય'થી 'ચિત્ત'ની કલ્પનાતીત ભયંકર અશુદ્ધિ થાય છે;

જ્યાં સુધી વ્યક્તિ 'વિષય'માંથી સુખ લે છે, ત્યાં સુધી એને આત્માના સુખનો સ્પષ્ટ અનુભવ ના થાય.

**પરસ્ત્રી, પરપુરુષ સંબંધ પ્રત્યક્ષ નરક**

પરસ્ત્રી અને પરપુરુષ સાથેનો શારીરિક સંબંધ પ્રત્યક્ષ નરકનું કારણ છે. ''જ્ઞાનીપુરુષે'' અને વીતરાગ ભગવંતોએ મોટામાં મોટું રેડ સિગ્નલ (ભયસ્થાન) આ દુષમ કાળનું તે પરસ્ત્રી અને પરપુરુષના ઉપભોગનું ગણાવેલ છે. પરસ્ત્રી

અને પરપુરુષ એ પ્રત્યક્ષ નરકનું કારણ છે ! એટલે આ કાળમાં જ્યારે બધું બગડવા બેઠું છે ત્યારે આ સંબંધે સજાગ રહેવું ઘટે. દૃષ્ટિ બગડે કે તરત જ દૃષ્ટિ ખસેડી લઈ 'પ્રતિક્રમણ' કરવું પડે.

જ્યાં જ્યાં 'દૃષ્ટિ' બગડે છે, ત્યાં ત્યાં વ્યક્તિના લક્ષમાં એ હોવું ઘટે કે, આ અણહકનું છે, જે નરકે લઈ જનારું છે તથા જ્યાં જ્યાં 'દૃષ્ટિ' બગાડે છે, એ કોઈ અન્યના હકનું છે.

ખરું પૂછે તો, કોઈ જગ્યાએ દૃષ્ટિ જ માંડવા જેવી નથી. જ્યાં દૃષ્ટિ બગડે, તે કોઈના હકનું તો છે જ ને ! આપણા કાયદેસરના હકના પાત્ર પર કે આપણી સગી બેન ઉપર કોઈની દૃષ્ટિ પડે, દૃષ્ટિ બગડે અને એની આપણને ખબર પડે ત્યારે તે સમયે, આપણને અંદર કેવું લાગે? .... એટલે અણહકના વિષયનો વિચાર આવતાંની સાથે જ, એનું તત્ક્ષણ હૃદયના ઊંડાણથી 'પસ્તાવો-પ્રતિક્રમણ' કરવું જોઈએ અને આવા અનુચિત વિચારને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેવો જોઈએ અને ફરીથી આવું ન થાય, એવી 'પ્રતિજ્ઞા'લેવી જોઈએ, અર્થાત્ એનું રીતસરનું 'પ્રત્યાખ્યાન' કરવું જોઈએ.

આટલું જો સચવાઈ જાય તો, આ કાળમાં, એક 'પત્નીવ્રત'ને અને એક 'પતિવ્રત'ને, ''જ્ઞાનીપુરુષે'' બ્રહ્મચર્ય ગણ્યું છે.

'એક પત્નીવ્રત' કે 'એક પતિવ્રત' એટલે મનથી પણ અન્ય કોઈનો વિચાર નહીં, કોઈના પ્રત્યે દૃષ્ટિ પણ નહીં અને આવું થઈ જાય તો તરત જ 'દેખો ત્યાંથી ઠાર કરો (Shoot on Sight)' પ્રતિક્રમણ કરવું ઘટે.

**ચેષ્ટાઓ, ઈચ્છાઓ, વિચારો**

વિષય સેવનની કે એના અનુસંધાનની, તમામ વિવિધ પ્રકારની કાયિક ક્રિયાઓને, 'ચેષ્ટાઓ' કહેવાય. જેના 'ફોટા' લઈ શકાય, એવી વિષય સંબંધિત કાયાની તમામ ક્રિયાઓને 'ચેષ્ટાઓ' કહેવાય.

સ્ત્રી-પુરુષ એક બીજા જોડે હાંસી ઉડાવતાં હોય, હસતાં હોય, ટીખળ કરતાં હોય, ઠઠ્ઠામશ્કરી કરતાં હોય વગેરે ચર્મ-ચક્ષુથી દેખી શકાય એવી તમામ ક્રિયાઓ 'ચેષ્ટાઓ'માં સમાઈ જાય.

વિષય સંબંધિત કાયિક ક્રિયાઓ અર્થાત્ 'ચેષ્ટાઓ' તો વર્જ્ય છે જ, એટલું જ નહિ, પણ માનસિક વિષય-વિકાર અર્થાત્ એને લગતા 'વિચારો', એને લગતી 'ઈચ્છાઓ' પણ સર્વથા ત્યાજ્ય છે કારણ કે, કાયિક અને વાચિકના મૂળમાં આ ઈચ્છાઓ રહેલી છે એટલે સ્ટ્રોંગ – Strong પ્રતિક્રમણ દ્વારા એને નિર્મૂળ કરવી જોઈએ.

તેથી આ કલમમાં અંતે નિરંતર 'નિર્વિકાર' રહેવાની શક્તિ માટે પ્રાર્થના કરવાનું ખાસ કહ્યું છે.

તત્ત્વ સ્વરૂપે અંતર્યામી પરમાત્મા અખૂટ શક્તિના ભંડાર છે. માગો અને મળશે. જે પ્રકારે, જેવી શક્તિ લઘુભાવે માગશો, એવી શક્તિ પ્રાપ્ત થશે.

**'ચિત્ત'ને ડગાવે તે બધા 'વિષયો'**

આત્મા સિવાય, જેને જે યાદ આવે છે તે, મોક્ષમાર્ગીએ 'વિષય' જ ગણવા ઘટે. જેમાં જેમાં 'મન' ઝલાય છે, 'ચિત્ત' ભમ્યા કરે છે, તન્મયકાર થાય છે, જે આજીજી કરીને યાચના કરી માગવામાં આવે છે, તે શુદ્ધ આધ્યાત્મની દૃષ્ટિએ વિષયો ગણવા ઘટે અને ચિત્તને ડગાવે, તે બધા વિષય જ છે ને? અને તેમાંય જો સ્ત્રી કે પુરુષ વિષય હોય તો, તે ખૂબ જ મોટું જોખમ છે.

**સહજ બ્રહ્મચર્ય**

જેને 'બ્રહ્મચર્ય'નો અભિપ્રાય નથી, અને 'અબ્રહ્મચર્ય'નો પણ 'અભિપ્રાય' નથી, અને 'સહજ બ્રહ્મચર્ય' વર્તનામાં છે. આવું વર્તાતું 'બ્રહ્મચર્ય' એ પ્રત્યક્ષ આત્માનું સુખ છે. આત્મા એ જ બ્રહ્મચર્ય છે; જેને 'આત્મસુખ' લાધે, તેને 'અબ્રહ્મચર્ય'નો વિચાર જ ના આવે !

આ કાળના પ્રભાવે, કદાચ 'અબ્રહ્મચર્ય'નો વિચાર આવે તો, એમાં સહેજ પણ 'પોતાની સંમતિ' ન હોય. તરત જ 'Shoot on Sight' 'પ્રતિક્રમણ' કરે અને એ વિચારને મૂળમાંથી ઉખેડીને તત્ક્ષણ જ ફેંકી દે, એ સર્વ રીતે હિતકારી છે.

'નવમું ગુણસ્થાનક' ઓળંગવા માટે, અબ્રહ્મચર્યનાં પરમાણુ અંદરના રસ સાથે ખલાસ થવાં અનિવાર્ય છે.

**જ્ઞાનીની ભાષાનું બ્રહ્મચર્ય**

કોઈ પણ વ્યક્તિ કે સાધુ, સાધ્વી કે સંન્યાસિની ઉદયકર્મથી શારીરિક બ્રહ્મચર્ય પાળતાં હોય, એને લૌકિક વ્યવહારમાં 'બ્રહ્મચારી' ગણવામાં આવે છે, અને એ બરાબર છે, તો પણ ઊંડાણથી વિચારીએ તો ''જ્ઞાની''ની ભાષામાં આટલું જ પર્યાપ્ત નથી.

સ્થૂળ શારીરિક રીતે સ્ત્રી-રહિત સ્થિતિ હોય કે પુરુષ-રહિત સ્થિતિ હોય, પણ જો 'પુરુષ'ને મનમાં ઊંડે ઊંડે એવો

'અભિપ્રાય' હોય કે સ્ત્રી-પુદ્ગલ શરીરમાં, સ્ત્રી-વિષયમાં અથવા 'સ્ત્રીઓ' માટે બ્રહ્મચારિણી માટે પુરુષ-પુદ્ગલમાં, પુરુષ વિષયમાં સુખ છે, તો એ ''જ્ઞાની''ની ભાષામાં પારમાર્થિક રીતે યથાર્થ બ્રહ્મચર્ય કહી શકાય નહિ. 'વિષય' માં નહી, પણ 'બ્રહ્મ' માં સુખ છે, એવા અભિપ્રાયને 'બ્રહ્મચર્ય' કહ્યું છે.

ઊંડાણથી વિચાર કરીએ તો, 'બ્રહ્મચર્ય' એટલે એમાં સ્ત્રી કે પુરુષનો સ્થૂળ ત્યાગ એટલું જ મહત્ત્વનું નથી. અલબત્ત આ ઘણી સારી આવકારદાયક સ્થિતિ ગણાય અને આ કાળમાં તો એકદમ પ્રશંસનીય અને પૂજ્યતા ઊભી કરે તે હકીકત છે, તો પણ 'રિયલ બ્રહ્મચર્ય' એટલે નિરંતર બ્રહ્મ (આત્મા)માં ચર્યા કરવી તે છે. સ્ત્રી પુદ્ગલ શરીરમાં કે પુરુષ પુદ્ગલ શરીરમાં, કિંચિત્માત્ર પણ 'સુખનો અભિપ્રાય' નહી હોવો, તેને 'બ્રહ્મચર્ય મહાવ્રત' વર્ત્યુ ગણાય છે. 'પુરુષપણા'નો રોગ છે, અધ્યાસ છે, એટલે સામે 'સ્ત્રી' દેખાય છે; પણ 'આત્મજ્ઞાની'ની કૃપાથી 'આત્મભાવ' દઢ હોય, તો સામે 'આત્મદર્શન' થાય.

દાદાશ્રી કહે છે કે, જેના 'ભાવ' માં નિરંતર 'બ્રહ્મચર્ય'ની જ નિષ્ઠા છે, એ 'નૈષ્ઠિક બ્રહ્મચારી' કહેવાય.

(૭). <u>આહાર સંબંધી શક્તિ-પ્રાર્થના :</u>

**હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ રસમાં લુબ્ધપણું ન કરાય એવી શક્તિ આપો, સમરસી ખોરાક લેવાય એવી પરમ શક્તિ આપો.**

ખોરાક સંબંધી પણ તમામ રસો (કડવો-તુરો-તીખો-ખારો-ખાટો-ગળ્યો) પ્રમાણસર રીતે લેવાય, તો તે આરોગ્ય માટે ઉત્તમ છે. એને 'સમરસી આહાર' કહેવાય. એમાં શરીરને પોષક તમામ જરૂરી તત્ત્વો આવી જવાથી આરોગ્ય સુંદર રીતે સચવાય.

હવે સમરસી આહાર લેવાને બદલે, કોઈપણ એક રસમાં લુબ્ધપણું કરે, એ હાનિકર્તા છે.

જમતી વખતે અમુક જ વાનગી, અમુક જ શાક દા.ત., ટામેટાંનું શાક જ ગમે, અને એ ફરી ફરી યાદ આવ્યા કરે, તો એ 'લુબ્ધપણું' થયું કહેવાય.

આપણી બધી શક્તિ 'લુબ્ધપણા' માં વેરાઈ જાય, જતી રહે. 'ચિત્ત' સ્થિર રહે નહિ. 'ચિત્ત' વારે ઘડીએ એમાં જ જતું રહે. એટલે આપણે અંદર કહેવાનું કે, 'થાળીમાં જમવાનું જે કંઈ આવે, તે મને મંજૂર છે, કબૂલ છે'. એને 'એકસેપ્ટ'

કરવાનું અને પેલું ભૂતકાળનું યાદ કરવાનું નહિ. વર્તમાનમાં રહેવાનું અને 'ચિત્ત'ને સંપૂર્ણ હાજર રાખવાનું. એટલે એટલા અંશે 'લુબ્ધપણું' તૂટતું જાય.

તો પણ પાછલી આદત-ટેવને કારણે લુબ્ધપણે આહાર લેવાય તો, તે સમયે અંદર આ પ્રમાણે બોલવાથી, આપણો એમાં 'અભિપ્રાય', 'ભાવ', 'સંમતિ' નથી એટલે નવું 'ભાવ-મન' લુબ્ધતા વિનાનો આહાર લેવાનું અંદર તૈયાર થાય અને 'શક્તિ' માગવાની એટલે એ પ્રમાણેની શક્તિઓ મળે.

આ પ્રમાણે 'સમરસી આહાર'(Perfect Balanced Food) લેવાય, એવી શક્તિ માગવાની એટલે એ પ્રમાણેની સ્થિતિ સર્જાય.

દાદા ભગવાનનું 'આહાર વિશેનું વિજ્ઞાન' જાણવા જેવું છે. આપણે ત્યાં ભારતમાં દાળ, શાક વગેરેના 'વઘાર' વખતે, જે જે ચીજવસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે, તે સૌ ઔષધિઓ છે. ભારતીય રસોઈ પદ્ધતિ તે Perfect આહાર વિજ્ઞાનની પુષ્ટિ કરે એવી સુયોજિત છે અને આપણે ત્યાં એવી પરંપરાથી સુંદર ગોઠવણી પણ છે.

(૮). <u>અવર્ણવાદ-નિંદા-અવિનય સંબંધી શક્તિ-પ્રાર્થના :</u>

**હે અંતર્યામી પરમાત્મા ! મને કોઈ પણ દેહધારી જીવાત્માનો, પ્રત્યક્ષ અગર પરોક્ષ, જીવંત અગર મૃત્યુ પામેલાઓનો કોઈનો કિંચિત્‌માત્ર પણ અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.**

'અવર્ણવાદ' એટલે કોઈ માણસની બહાર સારી આબરૂ હોય, સારો ઊંચો મોભો હોય, સારી શાખ હોય, સારી કીર્તિ હોય, અને આપણે, એને વિશે માત્ર ઊંધું બોલીને તોડી નાંખીએ, એને તોડી નાખવા પ્રયત્નશીલ થઈએ, એને 'અવર્ણવાદ' કહેવાય. એનું બધી રીતે ઊંધું જ બોલવું એ 'અવર્ણવાદ' કહેવાય.

'નિંદા' કરવા કરતાં પણ, આ 'નીચી-અધમ વસ્તુ' કહેવાય.

જીવંત અને મૃતક – બંને માટે આ સરખું લાગુ પડે છે. મૃત્યુ પામેલાને, એના નામથી ગાળો ભાંડો, તો તમે ભયંકર દોષમાં પડો.

આપણાં કોઈ સગાંવહાલાં કે ઓળખીતા કે અન્ય કોઈ વ્યક્તિ મૃત્યુ પામેલા હોય અને તેની લોકો 'નિંદા' કરતા હોય,

તો આપણે વચ્ચે નહિ ભળવું. વચ્ચે ભળ્યા હોઈએ, તો આપણે પછી પસ્તાવો કરવો કે આવું ન થવું જોઈએ. કોઈ મૃત્યુ પામેલા માણસની આવી વાત કરવી, એ ભયંકર ગુનો છે.

આ કલમની આરાધનાથી, 'નિંદા, અવર્ણવાદ, અપરાધ, અવિનય' આદિથી થતા ગુના, દોષો, ભૂલો આદિમાંથી મુક્ત થવાય.

આ માટે લઘુભાવે શક્તિ માગવાની, શક્તિ માટે પ્રાર્થના કરવાની એટલે અંદરથી એવી શક્તિ પ્રાપ્ત થાય.

(૯). <u>જગત કલ્યાણ સંબંધી શક્તિ-પ્રાર્થના :</u>

**હે અંતર્યામી પરમાત્મા !(દાદા ભગવાન) મને જગતકલ્યાણ કરવાનું નિમિત્ત બનવાની પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.**

ઉપરની આઠ કલમોના પરિણામ સ્વરૂપે નવમી કલમ છે.

જગત કલ્યાણમાં નિમિત્ત બનવાની ઉત્કૃષ્ઠ ઉત્કટ ભાવના ભજવાથી તો, આખા **બ્રહ્માંડમાં સર્વ શ્રેષ્ઠ કલ્યાણકારી ઊંચામાં ઊંચું પદ 'તીર્થંકર ભગવંત'નું છે,** એનું અર્થાત્ 'તીર્થંકર નામ ગોત્ર'નું બીજ પડે. જેમની હાજરી માત્રથી જગતના જીવોનું આત્યંતિક કલ્યાણ થાય.

**સારાંશ**

દાદાશ્રી કહે છે કે આ 'નવ કલમો'ની આરાધનાથી 'રિયલ' ('નિશ્ચય'– 'પરમાર્થ') અને 'રિલેટિવ' ('વ્યવહાર') –બંનેમાં કામ થઈ જશે. તમારા મુખેથી એવા શબ્દો નીકળે કે સામેનાનું કામ થઈ જાય.

સંક્ષિપ્તમાં કહીએ તો, આ નવ કલમોની ભાવના ભાવવાથી અને શક્તિ માગવાથી જ, પહેલાં 'ભાવ' ફર્યો, 'અભિપ્રાય' ફર્યો અને પછી ધીમે ધીમે એવી 'શક્તિઓ' ઉત્પન્ન થઈ જાય ! એટલે બીજા ભવમાં એ આપોઆપ રૂપકમાં – 'વર્તન'માં આવે.

આ કલમોની માત્ર ભાવના કરવાની છે. અત્યારે એના પાલનની માથાકૂટમાં પડવાનું નથી. માત્ર એવી ભાવના ભાવવાની છે, કારણ કે એ પોતાની સત્તામાં છે, મનુષ્ય માત્રની સત્તામાં છે. આ તમામ શાસ્ત્રોના સારરૂપ અજાયબ વસ્તુ મળી ગઈ છે. આખા વીતરાગ વિજ્ઞાનનો સાર છે !

'નવ કલમો'માં ભાવના અને પ્રાર્થના બંને રહેલાં છે. Realમાં નિશ્ચય હોવો જોઈએ; ભાવ સાથે નિષ્ઠા હોવી જોઈએ અને પછી લઘુભાવે શક્તિઓ માટે પ્રાર્થના કરવાની એટલે પરિણામ એની મેળે પ્રગટે. અંદર જે ''અંતર્યામી પરમાત્મા''-''દાદા ભગવાન'' છે, એમને અનુલક્ષીને આ 'નવ કલમો'માં પ્રાર્થના છે.

એટલે નવ કલમોની ભજનાથી, અંદરથી જે તે પ્રકારની 'શક્તિઓ' પ્રગટે.

'નવ કલમો'ની ભજનામાં આપણા 'મન, વચન, કાયા' એ મુખ્ય સાધન છે. પણ એ તો આગલા ભવના અજ્ઞાન-ભાવોનું પરિણામ છે. એટલે અજ્ઞાનતા આમ તેમ ઊલટું-સૂલટું કરે. એમાં આ ભાવના અને આ પ્રાર્થના સમ્યક્ સંતુલન (Balancing)નું કામ કરશે. તથા 'સ્વપુરુષાર્થ'માં સહાયક થઈ રહેશે.

આ નવ કલમોની ભજનાથી, અગાઉનાં કર્મોના ભાર હળવા થાય છે અને એ હળવાશથી 'સ્વપુરુષાર્થ' સરખો રહી શકે છે.

'નવ કલમો'થી પોતાનું આખું વર્તમાન જીવન સચવાઈ જાય અને ચંચળ પ્રાકૃત સ્વભાવ સંયમમાં રહે અને આંતરિક શક્તિઓ સ્ફુરે.

આ 'નવ કલમો'ની ભજનામાં જે તે કલમ અનુસાર, લઘુભાવે શક્તિ માગવાની અને એને માટે 'પ્રાર્થના' કરવાની એટલે એવી શક્તિઓ પ્રગટ થઈને, અંદર એ શક્તિઓ કામ કરતી ચાલુ થઈ જાય.

માટે 'નવ કલમો' રોજ બોલ્યા કરવી એ સર્વ રીતે હિતાવહ છે, એવું દાદાશ્રીનું કહેવું છે.

**વિસ્તૃત માહિતી માટે, ડૉ. જે. પી. અમીન સાહેબ લિખિત સંદર્ભ પુસ્તકોનું સેવન હિતકારી છે :**

૧) 'ભાવ-મન'થી 'મુક્ત' ''જીવન-મુક્ત''

૨) ઉકલે બ્રહ્માંડી રહસ્યો ''કેવળજ્ઞાન'' પ્રકાશે

**''જય સચ્ચિદાનંદ''**